આજનો સુવિચાર

ગરીબ થવું અને ગરીબ દેખાવું આ બંને પ્રગતિ નહી કરવા માટેનો નિશ્ચિત માર્ગ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૭૯ જૂનાગઢ તા.૨૧-૩-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

૩ વર્ષમાં રાંધણગેસ સિલિન્ડરનાં ભાવમાં ૯૦ ટકાનો વધારો થયો

નવી દિલ્હી તા. ૨૧ : કેન્દ્ર સરકારે રાજયસભામાં જણાવ્યું કે છેલ્લાત્રણ વર્ષમાં ઘરેલુરાંધણગેસ સિલિન્ડર ૮૯.૭ ટકા મોંઘો થયો છે. રાજયસભામાં સંસદ ઈલામારમ કરીમના સવાલ પર કેન્દ્રીય પેટ્રોલિયમ રાજય મંત્રી રામેશ્વર તેલીએ લેખિત જવાબમાં કહ્યું કે ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત મે ૨૦૨૦માં ૫૮૧.૫૦ રૂપિયા હતી. જે માર્ચ ૨૦૨૩માં ૧૧૦૩ રૂપિયા પર રહેલી છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત માર્ચ ૨૦૨૦ના૧૦૨૯ રૂપિયાથી વધીનેમાર્ચ ૨૦૨૩માં ૨૧૧૯.૫૦ રૂપિયા થઈ છે.

ભુકંપને કારણે તૂર્કીને ૧૦૪ અબજ ડોલરનું નુકશાન

નવીદિલ્હી, તા.૨૧:તુર્કીમાં આવેલા વિનાશક ભૂકંપે દેશને ઘણા વર્ષોની પીડા આપી છે. ૪૫ હજારથી વધુ લોકોના મોતનું કારણ બનેલા આ ભૂકંપે તુર્કીને આર્થિક રીતે પણ નબળું પાડ્યું છે. રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને જણાવ્યું છે કે આ ભૂકંપના કારણે દેશને ૧૦૪ અબજ ડોલરનું નુકસાન થયું છે. ધ્વસ્તથયેલી ઈમારતોની સંખ્યા, ઈન્ફ્રાસ્ટ્રકચરના નુકસાનની હદ ને જોતા, સ્થિતિ સામાન્ય થવામાં ઘણા વર્ષો લાગી શકે છે.

ભારતમાં ૮૧ ટકા મહિલાઓ લગ્ન વગર સીંગલ રહેવા માંગે છે

નવી દિલ્હી,તા. ૨૧: ભારતમાં લગ્ન અને રિલેશનશીપને લઈને કરવામાં આવેલા સર્વેમાં આશ્ચર્યજનક આંકડાઓ સામે આવ્યા છે. આ સરવે લગ્ન અને રિલેશનશીપને લગતા અલગ-અલગ પ્રશ્નો પર કરવામાં આવ્યો છે. આ સર્વેએક ડેટિંગ એપ દ્વારા કરવામાં આવ્યો છે. ડેટિંગ એપ બમ્બલના તાજેતરના અભ્યાસ અનુસાર, ડેટિંગ કરનારા ૫ માંથી ૨ (૩૯ ટકા) ભારતીયો માનેછે કે તેમના પરિવારો તેમને લગ્નની સિઝન દરમિયાનપરંપરાગત મેચમેકિંગ માટે પૂછે છે. તેઓ માને છે કે લગ્નની સિઝનમાં તેમને લગ્ન કરવાનું દબાણ કરવામાં આવે છે.સર્વે દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ક્યારે લગ્ન કરવા ઈચ્છે છે,તો ૩૯ટકા લોકોએ કહ્યું કે તેઓ દબાણ અનુભવે છે. ભારતની લગ્નની સિઝનમાં સર્વેક્ષણમાં સામેલ અપરિણીત ભારતીયોમાંથી લગભગ ત્રીજા (૩૩ ટકા) ભાગના લોકો કહે છે કે તેઓ પ્રતિબદ્ધ, લાંબા ગાળાના સંબંધમાં પ્રવેશવા માટે મજબૂરી અનુભવે છે.આ સર્વેમાં એવું બહાર આવ્યું હતું કે, ભારતની ૮૧ ટકા મહિલાઓ સીંગલ રહેવા માંગે છે

ભાગેડુ મેહુલ ચોકસી સામેની રેડ કોર્નર નોટીસ ઈન્ટરપોલે પાછી ખેંચી : ભારતનાં પ્રયાસોને ફટકો

નવી દિલ્હી,તા. ૨૧: પંજાબ નેશનલ બેન્કનું ૧૨ હજાર કરોડનું ફૂલેકું ફેરવી ભારતમાથી ભાગી ગયેલ મેહુલ ચોકસીને મોટી રાહત મળી છે. ઈન્ટરપોલે તેને રેડ કોર્નર નોટીસમાંથી હટાવી દીધો છે, જેથી હાલ જયાં છુપાયો છે ત્યાંથી વિદેશ જઈ શકે છે. તેથી તેને ભારત લાવવાના પ્રયાસને મોટો ફટકો પડયો છે. ભાગેડુ મેહુલ ચોકસી સામે ઈન્ટરપોલે જારી કરાયેલી રેડ કોર્નર નોટિસ પાછીખેંચી છે. ઘટનાક્રમના જાણકાર લોકોએ કહ્યુ હતું કે હીરાના વેપારીની રજૂઆતના આધારે આ નિર્ણય લેવાયો છે. ભાગેડુ મેહુલ ચોકસીએ પંજાબ નેશનલ બેંકમાં બે અબજ ડોલરની છેતરપીંડીના કેસમાં ચોકસી ભારતમાં વોન્ટેડ છે. ડિસેમ્બર ૨૦૧૮માં તેનુ નામ રેડ નોટિસમાં જોડવામાં આવ્યુ હતુ. જેમાં ઈન્ટરપોલના વોન્ટેડ લિસ્ટમાંથી ચોકસીનું નામ હટાવવાનો ભારત સરકાર દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યોહતો. જોકે, વૈશ્વિક પોલિસ બોડી તેની સાથે સંમત થઈ હતી નહી. તેણે પ્રથમ દ્રષ્ટિએ ભાગેડુ પર વિશ્વાસ વ્યક્ત કર્યોહતો કે ભારતીય એજન્સીઓએ તેનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો

આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડનાં ભાવમાં ઘટાડો થયો હોવા છતાં ભારતમાં પેટ્રોલ - ડીઝલ સસ્તા નહી થાય !!

નવી દિલ્હી તા. ૨૧

યુક્રેન-રશિયા યુદ્ધ સહિતના કારણે આસમાને પહોંચેલાક્રુડતેલના ભાવમાં જે રીતે તબકકાવાર ઘટાડો થઈ રહ્યો છે અને હવે ભારતીય બાસ્કેટના બ્રેન્ટ ક્રુડનો ભાવપણ ૭૦ ડોલર પ્રતિ બેરલ થયા છે છતાં પણ હાલમાં દેશમાં ઘરઆંગણે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડાની કોઈ જ શકયતા નથી. છેલ્લા એકસપ્તાહમાં જ ક્રુડતેલના ભાવમાં ૧૬ ડોલર જેવો મોટો ઘટાડો થયો છે.

ગત જૂન માસમાં ક્રુડતેલ ૧૨૪ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી ગયું હતું અને છેલ્લા ચાર માસથી આંતરરાષ્ટ્રીય બજારમાં આ ભાવ ૯૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ સ્થિર રહ્યો હતો પણ અમેરિકી ક્રુડતેલ સ્ટોક વધતા અને વૈશ્વીક રીતે મંદીની શકયતા તથા બેન્કીંગ કટોકટી વગેરેકારણોસર ક્રુડતેલ સતત નીચે આવી રહ્યું છે પણ સરકાર તથા ઓઈલ માર્કેટીંગ કંપનીમાં આ પ્રકારે ક્રુડતેલના ભાવ નીચા સ્તરે સ્થિર રહે તેની રાહ જુએ છે.

હાલ નીચા ભાવથી રીફાઈનરીમાં તથા માર્કેટીંગ કંપનીમાં તેની અગાઉની ખોટને સરભર કરવા માંગે છે. પેટ્રોલ-ડિઝલના ભાવ ગત એપ્રિલથી સ્થિર રહ્યા છે તે સમયે ક્રુડતેલની આંતરરાષ્ટ્રીય ભાવ સપાટી ખૂબ જ ઉંચી હતી.

દેશની ત્રણ ઓઈલ માર્કેટીંગ કંપનીમાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન આઈઓસી ભારત પેટ્રોલીયમ કોર્પો (બીપીસીએલ) તથા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેટથી સંયુક્ત ખોટ રૂા.૧૮૬૨૨ કરોડ, એપ્રિલ-ડિસેમ્બરના ૬ માસમાં નોંધાઈ હતી.

૩૦૦ આયાતી ચીજો પર હોલમાર્ક ફરજીયાત બનાવવા સરકારની વિચારણા

નવી દિલ્હી તા.૨૧

વિદેશી ચીજવસ્તુઓના મોહના કારણે છેતરાતા ભારતીય નાગરીકોને હલ્કી વસ્તુઓથી બચાવવા માટે હવે ૩૦૦ જેટલી આયાતી ચીજો પર હોલમાર્કીંગ ફરજીયાત કરવાની દિશામા કેન્દ્ર સરકારે ચકો ગતિમાન કર્યા છે અને ટુંકસમયમાં તેની જાહેરાત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના સુત્રોના કહેવા પ્રમાણે વિદેશી આયાત થકી હલકી અને ગુણવતા વગરની ચીજો પર લગામ કસવા માટે પ્રયત્નો શરૂ કરાયા છે.આવતા મહિનાઓમાં ૨૫૦ થી ૩૦૦ જેટલી ચીજો પર હોલમાર્કીંગ ફરજીયાત કરવામાં આવશે.બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાર્ન્ડડને તેની જવાબદારી સોંપવામાં આવશે

તેના આધારે હલકી ગુણવતાની વિદેશી ચીજોને નિયંત્રીત કરી શકાશે.સાથોસાથ ભારતીય કંપનીઓને પણ તેનો લાભ મળશે. સુત્રોના કહેવા પ્રમાણે સિગારેટ, લાઈટર, પેન, ઉર્જા સબંધીત વિવિધ ચીજોવગેરેનો આ લીસ્ટમાંસમાવેશ કરવામાં આવ્યો છે.આંતરીક વ્યાપાર વિભાગના લીસ્ટ તૈયાર કરવાની સુચના આપવામાં આવી છે તેના દ્વારા ગુણવત્તાના નિયમો પણ તૈયાર કરવામાં આવશે

અને તેના આધારે વિદેશી આયાત થકી ચીજો માટે પણ માપદંડ નકકી કરીને હોલમાર્કીંગ ફરજીયાત બનાવવામાં આવશે. વિદેશથી ઘુસાડાતી હલકી ચીજો પર નિયંત્રણો મુકવાની સાથોસાથ ભારતીય ઉત્પાદનોને પણ સૂચિત નિયમથી લાભ થશે તેવો સરકારનો દાવો છે.

વડાપ્રધાન મોદી, ભાજપ અને સંઘ ઉપર હુમલો કરવાનો અર્થ ભારત પર હુમલો નથી : રાહુલ ગાંધી

નવી દિલ્હી તા. ૨૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, વડાપ્રધાન મોદી, ભાજપ અને આરએસએસને લાગે છે કે તેઓ 'ભારત' છે પરંતુ એવું નથી. તેમના પર હુમલો કરવાનો અર્થ ભારત પર હુમલો નથી. હા, પરંતુ ભારતની સ્વતંત્ર સંસ્થાઓ પર હુમલો કરીને તેઓ ચોક્કસપણે ભારત પર હુમલો કરી રહ્યા છે. તેમનું નિવેદન સંસદમાં માઈક બંધ કરવાના તેમના આરોપોને લઈને હતું લંડનમાં આ વિશે વાત કરતી વખતે, તેમણે ઉદાહરણ તરીકે ખરાબ માઈક્નો ઉપયોગ કર્યો.અને કહ્યું કે ભારતમાં માઈક બગડતાનથી પરંતુ બંધ થઈ જાય છે. આ નિવેદનને લઈને ભારતમાં ભારે હોબાળો થયો હતો.

ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીએ વિદેશમાં ભારતનું અપમાન કર્યું છે. આવી સ્થિતિમાં તેમણે માફી માંગવી જોઈએ.

જોકે રાહુલ ગાંધી હજુ પણ પોતાની વાત પર અડગ છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે તેમને સંસદમાં બોલવાની તક આપવી જોઈએ.

ભાજપને પડકારવા માંગતા હોવ તો તેની તાકાતને સમજવી પડશે : પ્રશાંત કિશોર

વિપક્ષની એકતા માત્ર દેખાડો : રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનાં પરીણામ સામે સવાલ

નવી દિલ્હી, તા.૨૧: કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પર સવાલ ઉઠાવનારાઓમાં ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર પણ જોડાયા છે. તેમણે કહ્યું કે યાત્રાની ખરી કસોટી જમીની અસરથી થશે. તે સાથે તેમણે વિપક્ષી પાર્ટીઓની એકતા પર પણ શંકા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે જ્યાં સુધી 'વૈચારિક ગઠબંધન' ન થાય ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટીને હરાવી શકાય નહીં.

પ્રશાંત કિશોરે સોમવારે કહ્યું કે ૨૦૨૪માં વિપક્ષી એકતા અસ્થિર અને વિચારધારાના સ્તરે વિભાજીત હોવાને કારણે કામ નહીં કરે. તેમણે કહ્યું કે વિપક્ષી એકતા માત્ર દેખાડો છે અને તે માત્ર પક્ષો અને નેતાઓને સાથે લાવવાથી સાકાર થશે નહીં. ટીવી ચેનલ સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં તેમણે કહ્યું, જો તમે ભાજપને પડકારવા માંગતા હોવ તો તમારે તેની તાકાત (હિંદુત્વ, રાષ્ટ્રવાદ અને કલ્યાણ) સમજવી પડશે. તે ત્રણ સ્તર છે. જો તમે આમાંથી ઓછામાં ઓછા બેને ભેદવામાં સફળ ન થાવ, તો તમે ભાજપને પડકારી શકશો નહીં.

તેમણે કહ્યું, 'હિંદુત્વની વિચારધારા સામે લડવા માટે વિચારધારાઓનું ગઠબંધન હોવું જોઈએ. ગાંધીવાદી, આંબેડકરવાદી, સમાજવાદી, ડાબેરી... વિચારધારા ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ તમે વિચારધારાના આધારે આંધળો વિશ્વાસ ન રાખી શકો. તેમણે કહ્યું,'...જ્યાં સુધી વૈચારિક સમાનતા નહીં આવે. ત્યાં સુધી ભાજપને હરાવી શકાય નહીં.

ગુજરાત - રાજસ્થાન હાઈવે પર ત્રણ દિવસથી ચક્કાજામ : ૧૫૦૦ ટ્રકોનાં પૈડા થંભી ગયા

સુજાનગઢ (ચુરુ) તા. ૨૧

રાજસ્થાનના ફતેહપુર (સીકર)થી ગુજરાત જતો નેશનલ હાઈવે-૫૮ ત્રણ દિવસથી બંધ છે. કિશનગઢ (અજમેર)થી હનુમાનગઢ સુધી લગભગ ૧૦ કિલોમીટર સુધીનો ટ્રાફિક જામ થયો છે. સુજાનગઢ (ચુરુ)ના બોબાસર ફ્લાઈઓવરની પાસે હજારો લોકો ત્રણ દિવસથી ધરણા પર બેઠા છે. તેઓ સુજાનગઢને જિલ્લો બનાવવાની માંગ કરી રહ્યા છે. ૧૫૦૦થી વધુ ટ્રકો છેલ્લા ત્રણ દિવસથી ફસાયેલી છે.

આ ટ્રકોના ડ્રાઈવરોની હાલત કફોડી બની ગઈ છે. રાજસ્થાનમાં નવા જિલ્લા જાહેર થયા બાદ પોતાના તાલુકાઓને પણ જિલ્લા બનાવવાની માગ પ્રબળ બની છે. હાલમાં આ હાઈ વે પર ચક્કાજામ રહેતાં ગુજરાત-રાજસ્થાન ટ્રાફિકને અસર પડી છે.

ટ્રક ડ્રાઈવરોએ દાવો કર્યો હતો કે તેના વાહનોમાં ૧૦કરોડથી વધુનો સામાન બગડી રહ્યો છે. ટ્રક ફળો, શાકભાજી વગેરેથી ભરેલી છે. હાઈવે પર આ ડ્રાઈવર રડી રહ્યો છે. ઉપરથી હાઈવે પર ખાવાનું એટલું મોંઘું થઈ ગયું છે કે લોકોને પરસેવો વળી જાય છે. બસો રૂપિયામાં ચાર રોટલી-શાક મળી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાંથી ટ્રાફિકજામમાં અટવાયેલા આ ટ્રક ચાલકોને હવે કંઈ સમજાતું નથી.

માલિકો આ ડ્રાઈવરોને અલગથી ધમકી આપી રહ્યા છે કે જો સામાન સમયસર નહીં પહોંચે તો તેમને પેમેન્ટ નહીં મળે. તે તેમના પગારમાંથી કાપવામાં આવશે. બીજી તરફ જેની પાસે માલ છે તેઓ પણ ધમકી આપી રહ્યા છે.

મહેમદાબાદ તાલુકામાં મોબલિન્ચીંગની ઘટના પરપ્રાંતીય યુવકને લોકોએ માર મારી પતાવી દીધો

નડિયાદ તા. ૨૧

ખેડા જિલ્લાના મહેમદાવાદ પંથકમાં ગતરોજ અમદાવાદ જેવોકિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાંચોર હોવાની શંકા રાખી ગ્રામજનો એક પરપ્રાંતીય યુવાનને મારમારતા યુવકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ગામમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, મહેમદાવાદ પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં આ બીજો હત્યાનો બનાવ બન્યો છે. ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોરીની ફરિયાદો વધી છે. જેથી ગ્રામજનો રાત્રે જાગી રખેવળી કરી રહ્યા છે. રાત્રીનાં અંધારામાં ઘણી વખત નિર્દોષ માણસ આંખે ચઢી તેને પણ ચોર સમજીને ઘણી વખત મારવાના બનાવો પણ બને છે. મહેમદાવાદના સુંઢાવણસોલ ગામમાંબનેલા બનાવમાએકવ્યક્તિ મોતને ભેટ્યોછે. સુઢા વણસોલ ગામમાં ગત રાત્રિ દરમિયાન યુવક આંટાફેરા મારી રહ્યો હતો જેની ગ્રામજનોને જાણ થઈ હતી, જેને પગલે ગ્રામજનોએ એકઠા થઈ ગામમાં આંટાફેરા મારી રહેલા આ યુવકને પકડી માર મારી તેની હત્યા કરી નાખી હતી.

પાટડીમાં મજુરોને લઈ જતા ટ્રેકટર સાથે ટ્રકની ભયાનક ટક્કર : બેનાં મોત - ૧૫ ગંભીર

સુરેન્દ્રનગર તા. ૨૧

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીના અબિયાણા ગામ નજીક મજૂરો ભરીને ખેતરે જઈ રહેલા ટ્રેક્ટર અને ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રેક્ટર ઉપર આખેઆખી ટ્રક ચડી જતાં બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતા. જ્યારે ટ્રેક્ટરમાં સવાર ૧૫ મજૂરો ઈજાગ્રસ્ત બન્યા છે. ઈજાગ્રસ્તોને લોહિલુહાણ હાલતમાં સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. એક મજૂર અને એક મહિલાનુંઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજતા મજૂરોની ચિચિયારીથી હાઈવે ગુંજી ઉઠ્યોહતો. મજૂરો ટ્રેક્ટર લઈનેમજૂરી કામઅર્થેખેતરે જઈરહ્યા હતા ત્યારે સામેથી માંતેલા સાંઢની માફક પુરઝડપે આવતા ટ્રેલરનાચાલકે અચાનકસ્ટીયરિંગપરનો કાબુગુમાવી દેતા ટ્રેલર સાથે મજૂરો ભરેલા ટ્રેક્ટરને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો.

લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે

અદ્યતન ફીક્સ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૧૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ

અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન

	By Air	
સિમલા-મનાલી-ડેલહાઉસી અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર (અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ)	27000	Day-6
	35000	Day-9
કેરાલા-મુન્નાર-થેકડી ક.કુમારી-એલપ્પી-કોવાલમ (અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ)	35000	Day-8

નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર | કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી | GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ ● દાર્જીલીંગ-સિક્કીમ ● ચારધામયાત્રા

શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

સુપર ફાસ્ટ ન્યુઝ

તમારી સાથે ચાલશે સમાચાર દેશ દુનિયા તેમજ જૂનાગઢ શહેર તથા જીલ્લાના સમાચાર વાંચી શકશો

સૌરાષ્ટ્ર ભૂમિ વિશ્વાસ એ જ પણ અંદાજ નવો

www.saurashtrabhoomi.com | email : saurashtrabhoomi@gmail.com

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો

ગૌસેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા ચકલી દિવસ નિમિતે વિના મુલ્યે ચકલીનાં માળા અને ચવની ડીશનું વિતરણ કરાયું

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૨૧

ગૌ સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જામકંડોરણાનાં પટેલ ચોક ખાતે વિના મુલ્યે ચકલીનાં માળા અને ચણની ડીશ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૦થી વધુ ચકલીનાં માળા આપવામાં આવ્યા હતા. જામકંડોરણાની જીવદયા પ્રેમી જનતાએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. ગૌ સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણાનાં પ્રમૂખ અને ટીમ દ્વારા સતત ૭ વર્ષથી ચકલી દિવસ નિમિતે વિના મૂલ્યે ચકલીનાં માળા અને ચણની ડીશ વિતરણ કરવામાં આવે છે. જામકંડોરણા તાલુકા પંચાયતનાં સદસ્ય વિજયભાઈ ગઢવી દ્વારા માળાનું વિતરણ ચાલુ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરએસએસ અગ્રણી દામજીભાઈ કોયાણી, રાજપુત સમાજ અગ્રણી નાગદેવસિંહ જાડેજા, પદુભા જાડેજા

સાતોદડ(તાલુકદાર), વરિષ્ઠ પત્રકાર મનસુખભાઈ બાલધા, પત્રકાર નરેનભાઈ પ્રિયદર્શી, બાબભા વાળા, જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય મનોજભાઈ બાલધા, રાજપુત સમાજ ઉપપ્રમુખ અને ભાજપ અગ્રણી સુરેન્દ્રસિંહ વાળા, કોંગ્રેસ પ્રમુખ દિલુભા જાડેજા, ચરેલ સરપંચ અશોકસિંહ જાડેજા, મેઘાવડ સરપંચ ભગીરથસિંહ જાડેજા, જામથોરાળા સરપંચ ભરતસિંહ જાડેજા, વિષ્ણુભાઈ જોશી, બજરંગ દળનાં કિશન ગજજર, એડવોકેટ ધર્મેન્દ્રભાઈ વેકરીયા, એડવોકેટ તેજુભા જાડેજા વાવડી, પ્રશાંતભાઈ મેહતા, હિન્દુ ધર્મ સેના પ્રમુખ ધર્મેશભાઈ પટેલ, પાટીદાર અગ્રણી સુભાષભાઈ પટેલ, રાજપુત યુવા સમાજ પ્રમુખ રામદેવસિંહ જાડેજા, કરણી સેના પ્રમુખ હરપાલસિંહ જાડેજા, ભાજપ યુવા મંત્રી વિજયસિંહ જાડેજા, કરણી સેના મહામંત્રી જીતેન્દ્રસિંહ વાળા, યુવા સહમંત્રી સંદીપસિંહ જાડેજા થોરડી, હસુભા જાડેજા પીપરડી, કનકસિંહ જાડેજા પીપરડી, અમરસિંહ જાડેજા વાવડી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા પીપરડી, મંત્રી દિપકભાઈ ગજેરા, સહ મંત્રી વનરાજસિંહ ચોહાણ, ટ્રસ્ટી વિજયભાઈ રાણપરિયા, અરવિંદભાઈ પટેલ અને નરેન્દ્રસિંહ જાડેજા અને કાર્યકરોએ ભારે જેહમત ઊઠાવી હતી.

નિસર્ગ નેચર ક્લબ-જૂનાગઢ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

વર્ષોથી વન અને પર્યાવરણ, પશુ અને પક્ષીઓનું સંરક્ષણ કરતી સેવા ભાવી સંસ્થા નિસર્ગ નેચર ક્લબ-જૂનાગઢ દ્વારા ગાંધીગ્રામ ગરબી ચોક સ્થિત નિસર્ગકિડ્સ પ્લેહાઉસ અને નર્સરી ખાતે વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ ડો. પાર્થ ગણાત્રાએ બાળકોને ચકલીના માળા જાતે બનાવતા શીખડાવ્યા હતા અને લુપ્ત થતી ચકલીઓ તથા અન્ય પક્ષીઓને બચાવવા માર્ગદર્શન આપ્યું હતું અને બધા બાળકોને વિના મૂલ્યે ચકલીના માળા આપવામાં આવ્યા હતા. બાળકોએ હર્ષભેર ચકલીનાં માળા બનાવી અને ચકી બેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં વગેરે આનંદ અને ઉલ્લાસથી ગીતો ગાયા હતા. આ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહીત કરવા યોગાચાર્ય પ્રતાપભાઈ થાનકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. લુપ્ત થતી ચકલીઓને બચાવવા માટે વિશ્વભરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૧૦ થી ૨૦ માર્ચને વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અમારા નિસર્ગ નેચર ક્લબ-જૂનાગઢ દ્વારા પણ વર્ષોથી વિના મૂલ્યે ચકલીનાં માળાઓનું વિતરણ કરવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧ લાખ કરતા પણ વધારે માળાઓનું વિના મૂલ્યે જૂનાગઢ તથા આજુબાજુના ગામડાઓમાં વિતરણ કરવામાં આવ્યું છે. જે લોકોને ચકલીના માળા જોતા હોય એ લોકો અમારી તળાવ દરવાજા સ્થિત સંસ્થાની ઓફિસ - C/O-ગણાત્રા ડેન્ટલ હોસ્પિટલ, સિટી પોઈન્ટ, પહેલા માળે, જૂનાગઢથી દરરોજ બપોરે ૧૨ થી ૧ વચ્ચે વિનામૂલ્યે મેળવી શકશે.

જૂનાગઢ જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં યોજાતી બોર્ડની પરીક્ષા

કેશોદમાં ધો. ૧૦માં એક કોપી કેસ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે જીલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરે જણાવ્યું હતું કે ધો. ૧૦ વિજ્ઞાનનાં પેપરમાં ૨૧૪૧૯માંથી ૫૬૯ વિદ્યાર્થી ગેરહાજર અને ૨૦૮૫૦ હાજર રહેલ. તેમજ ધો. ૧૨ વિજ્ઞાનની પરીક્ષામાં ૧૦૭માંથી ૩ ગેરહાજર અને ૧૦૪ હાજર હતાં. તેમજ ગણિતનાં પેપરમાં ૯૨૧માંથી ૧૦ ગેરહાર અને ૯૧૧ હાજર રહેલ હતાં. જયારે ધો. ૧૨ વાણિજય વ્યવસ્થા ઉદ્યોગ સાહસિકતા અને સંસ્કૃત માધ્યમમાં મળી કુલ ૬૭૩૧માંથી ૬૪ ગેરહાજર અને ૬૬૬૭ હાજર રહયા હતાં. ગઈકાલે કેશોદમાં ધો. ૧૦ વિજ્ઞાનનાં વિદ્યાર્થી પાસેથી સાહિત્ય નિકળતા કોપી કેસ કરવામાં આવેલ છે. ભાવસિંહ વાઢેરનાં માર્ગદર્શન હેઠળ જે.ઝેડ. કયાડા, રણવિરસિંહ પરમાર, વી.એલ. ભુત, ડી.એસ. કાંબરીયા સહિતનાં પરીક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળી રહયા છે.

ગુજરાત સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીમાં ૬ ફૂટ લાંબી ૩ લેમન શાર્કનો સમાવેશ કરવામાં આવ્યો

એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરમાં જોવા મળતી આ લેમન શાર્ક ભારતમાં માત્ર ગુજરાત સાયન્સ સિટી ખાતે જોવા મળશે : આ લેમન શાર્ક મુલાકાતીઓ માટે બનશે આકર્ષણનું નવું કેન્દ્ર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૧

અમદાવાદ સ્થિત ગુજરાત સાયન્સ સિટીમાં ૬ ફૂટ લાંબી ત્રણ લેમન શાર્કને લાવવામાં આવી છે. આ શાર્ક એક્વેટિક ગેલેરીમાં મુખ્ય શાર્ક ટનલમાં જોવા મળશે. આ શાર્કની ઓળખ તેના લીલાશ પડતા પીળા રંગની હોવાથી તેને લેમન શાર્ક તરીકે ઓળખવામાં આવે છે. તે અન્ય શાર્કની સરખામણીએ સ્વભાવે શાંત હોય છે. આ શાર્ક મુખ્યત્વે એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરના છીછરા દરિયાઈ વિસ્તારોમાં જ જોવા મળે છે અને તેનું વજન ૨૫૦ કિલોગ્રામ જેટલું હોઈ શકે છે. આ શાર્ક આવનારા સમયમાં આઠથી દસ ફૂટ સુધી મોટી થશે. ભારતમાં આ પ્રજાતિની શાર્ક માત્ર ગુજરાત સાયન્સ સૃટી ખાતે જ જોવા મળી શકશે. આ અંગે સાયન્સ સિટીના ડૉ. વ્રજેશ પરીખ જણાવે છે કે, એક્વેટિક ગેલેરીને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે માટે અમે લેમન શાર્ક લાવવાનું વિચાર્યું જે ફક્ત એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરના દરિયાઈ વિસ્તારોમાં જ જોવા મળે છે. જેથી કરીને મુલાકાતીઓ માટે લેમન શાર્ક આકર્ષણનું કેન્દ્ર બની રહે. આ ઉપરાંત અમે આવનારા દિવસોમાં વિવિધ જળચર પ્રજાતિઓ પણ લાવીશું અને તેના વિશે મુલાકાતીઓને જાણકારી મળી રહે તેવું આયોજન કરીશું. વધુમાં તેમણે જણાવ્યું કે, આગામી સમયમાં ગુજરાત સાયન્સ સિટી દ્વારા શાર્ક વિષે જાગૃતિ અને શિક્ષણ માટે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓ યોજવામાં આવશે. સાયન્સ સિટી ખાતેની એક્વેટિક ગેલેરીમાં ૧૮૧ પ્રકારના જળચર જીવો જોવા મળે છે, જેમાં આફ્રિકન પેંગ્વિનનો પણ સમાવેશ થાય છે. ગુજરાત સાયન્સ સિટીમાં દેશની સર્વશ્રેષ્ઠ એક્વેટિક ગેલેરી આવેલી છે. આ ગેલેરી ૧૫,૦૦૦ સ્કેવર મીટરના વિસ્તારમાં પથરાયેલ છે. જે ૨૮ મીટર લાંબી વોક-વે ટનલ છે. અહીંયા આવેલ પ્રવાસીઓને આ ગેલેરી દરિયાઈ જીવસૃષ્ટિ અને જળજીવોને જાણવા તથા માણવાની તક આપે છે. આ માત્ર દેશનું જ નહીં પરંતુ એશિયાના ટોચના એક્વેરિયમો માનું એક છે. સાયન્સ સિટી સ્થિત આ એક્વેટિક ગેલેરીમાં ૭૨ નિદર્શન ટેક આવેલી છે. જેમાં નાનામાં નાનીથી માંડી વિશાળ સાઈઝ સુધીની આ ટેકોમાં વિશ્વભરની વિવિધ જળચર પ્રજાતિઓનો સમાવેશ કરેલ છે. અહીંયા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ ૧૮૧ જેટલી જળ પ્રજાતિઓનું નિદર્શન કરી શકે છે. જેમાં ભારતીય, એશિયન, આફ્રિકન, અમેરિકન અને વિશ્વની અન્ય જળચર પ્રજાતિઓનો પણ સમાવેશ થાય છે. આ ગેલેરીમાં બાળકો અને મોટાઓ માટે સ્પર્શ કરીને અનુભવ મેળવી શકે તે માટે ટચ પુલ્સ પણ રાખવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લામાં 'સુરક્ષા સેતુ' અંતર્ગત મહિલાઓ નિર્ભય બની સ્વરક્ષણ માટે સશક્ત બને : જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ

મહિલાઓને સ્વરક્ષણની અસરકારક અને ગુણવત્તાલક્ષી તાલીમ અપાઈ

પોલીસની કામગીરીમાં જાહેર જનતાનો સહયોગ મળે, જનતા પણ પોલીસ સાથેના વ્યવહારોમાં નિર્ભયતા અનુભવે તેમજ ગુજરાત પોલીસની કામગીરી વધુ કાર્યક્ષમ, પરિણામલક્ષી અને લોકાભિમુખ બને તે માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગે તા.૨૬-૯-૧૨ થી 'સુરક્ષા સેતુ' યોજના અમલી બનાવી છે. 'સુરક્ષા સેતુ' અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ આપવી, બુટલેગર મહિલાઓનું પુનઃ વસન, સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોગ્રામ, ટ્રાફિક નિયમન પ્રોગ્રામ (વિદ્યાર્થી અને જાહેર જનતા), વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત અને કાઉન્સેલીંગનો સમાવેશ થાય છે. મહિલાઓના સશકિતકરણ માટે 'સુરક્ષા સેતુ' સોસાયટી, રાજકોટ ગ્રામ્ય જિલ્લા અંતર્ગત રાજકોટ ગ્રામ્ય જિલ્લાની શાળાની વિદ્યાર્થિનીઓને અનુ.જન જાતિ, અનુ.જાતિ તથા સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગની મહિલાઓ, શાળા-કોલેજ-સરકારી છાત્રાલયની વિદ્યાર્થિનીઓ, ખેતમજૂરી કરતી ઝૂંપડપટ્ટી તેમજ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતી તથા અસહાય મહિલાઓને સ્વરક્ષણની અસરકારક અને ગુણવત્તાલક્ષી તાલીમ આપવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેકટ રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ ચાલી રહયો છે. તેઓ કહે છે કે 'સુરક્ષા સેતુ' પ્રોજેકટ અન્વયે રાજકોટ જિલ્લાની મહિલાઓ આત્મરક્ષણ માટે સજજ બની રહી છે. આ તાલીમથી તેમના આત્મબળ અને આત્મનિર્ભરતામાં વધારો થયો છે. આ પ્રોજેકટના નોડલ અધિકારી અને નાયબ પોલીસ અધિક્ષક હિંગોળદાન રત્નુના જણાવાયા અનુસાર, સુરક્ષા સેતુ સોસાયટી, રાજકોટ ગ્રામ્ય જિલ્લા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં ૪૨૨૭ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે. જયારે ૨૦૨૨-૨૩ માં ૫૫૮૦ મહિલાઓને બેઝિક અને ૮૩૭ મહિલાને એડવાન્સ તાલીમ અપાઈ હતી. રાજકોટ જિલ્લામાં જસદણ, વિછિયા, આટકોટ, ભાડલા, કોટડા સાંગાણીની ૧૮૦૦, ગોંડલ શહેર અને તાલુકા, શાપર, લોધિકા, પડધરીની કુલ ૧૬૮૦ અને જેતપુર સિટિ તથા તાલુકા, વિરપુર, ભાયાવદર, જામકંડોરણા, પાટણવાવ, ઉપલેટા ધોરાજીની ૨૧૦૦ મહિલાઓને તાલીમ અપાઈ હતી.

આલેખન : પારૂલ આડેસરા

રાજકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લોન મેળામાં ૬૦ જેટલા ફોટો- વિડીયોગ્રાફર ભાઈઓની લોન માટે અરજી મંજુર કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૧

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાજકોટ અને રાજકોટ પ્રોફેશનલ વિડીયોગ્રાફર એસોસિએશન તથા રાજકોટ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા સ્ટેટ બેક ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કરણસિંહજી હાઈસ્કૂલ સામે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ઓફિસ ખાતે આયોજિત આ મેળામાં મોટી સંખ્યામાં ફોટોગ્રાફર ભાઈઓએ ભાગ લીધો હતો. રાજકોટ પ્રોફેશનલ વિડીયોગ્રાફર એસોસિએશનના પ્રમુખ બંકીમભાઈ જોશીના જણાવ્યા મુજબ ૬૦ જેટલા લોકોની લોન અરજી મંજુર કરવામાં આવી હતી. આ તકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી.વૈષ્ણવ, સ્ટેટ બેક ઓફ ઈન્ડિયાના મુકુલકુમાર તેમજ નીખિલભાઈ જોશીએ ઉપસ્થિત રહી એક જ પ્લેટફોર્મ ઉપરથી એક સાથે મળવાપાત્ર લોન ધારકોની અરજીનો નિકાલ કરી આપ્યો હતો. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર કિશોર મોરીના જણાવ્યા મુજબ વાજપેયી બેંકેબલ યોજના હેઠળ વ્યવસાય માટે રૂા.૮ લાખ સુધીની લોન સહાય મળી શકે છે, જેમાં રૂા.૧ લાખ સુધી રાજય સરકાર દ્વારા સબસિડીનો લાભ મળવા પાત્ર છે.

રાજય સરકાર દ્વારા હિંસા-અત્યાચારોથી પીડિત મહિલાઓને સહાય, માર્ગદર્શન તેમજ કાઉન્સેલિંગ પુરૂ પાડતું પોલિસનું મહિલા સહાયતા કેન્દ્ર

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૧

રાજયસરકાર દ્વારા હિંસા અને અત્યાચારોથી પીડિત મહિલાઓને સહાય, માર્ગદર્શન તેમજ કાઉન્સેલિંગ પુરૂ પાડવા માટે ગુજરાત રાજયના નિયત કરેલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર) શરૂ કરાયા છે, જે પૈકી રાજકોટ શહેરમાં રેસકોર્સ ખાતે આવેલ મહિલા પોલિસ સ્ટેશન તથા બી ડિવિઝન પોલિસ સ્ટેશન અને જિલ્લાના ધોરાજી ખાતે મહિલાઓ માટે મહિલા સહાયતા કેન્દ્ર કાર્યરત કરાયું છે. આ કેન્દ્ર ખાતે તાજેતરમાં નિરાકરણ લાવવામાં આવેલ કિસ્સાની વિગતો આ મુજબ છે. એક વર્ષ પહેલાં સામાજીક રીત-રિવાજ મુજબ લગ્ન કરેલ રાજકોટની મહિલાને સંતાનમાં ત્રણ માસનો પુત્ર છે. નબળી આર્થિક સ્થિતિ ધરાવતી મહિલાને ઘરકામ અને બાળઉછેર બાબતે મેણાં-ટોણાં દ્વારા માનસિક ત્રાસ અપાતો હતો, અને ઘણી વાર તેની સાથે શારીરિક હિંસા પણ આચરવામાં આવતી હતી. આથી, લગ્નજીવનના એક વર્ષ થતાં જ પીડિતાને માનસિક અને શારીરિક ત્રાસના કારણે કંટાળીને પિયર જતી રહી હતી. અને રાજકોટના બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરનો સંપર્ક સાધતાં કાઉન્સેલર ભાવનાબેન બાબરીયા અને કિરણબેન વાઘેલાએ પીડિતાની તમામ મુશ્કેલીઓને ધીરજપૂર્વક સાંભળી હતી. અને પીડિતાના ઘરનાં સભ્યોનું કાઉન્સેલીંગ કરી લગ્નને હજુ એક જ વર્ષ થયું હોવાથી નવા પરિવાર અને નવા વાતાવરણમાં ગોઠવાઈ રહેલી મહિલાને પ્રેમપૂર્વકનો સહકાર આપવા સમજાવ્યા હતા. વહુ સાથે દીકરીની જેમ વર્તી ઘરકામ અને બાળકને સંભાળવામાં મદદરૂપ થવા ઉપરાંત, સાસરિયાને ઘરેલું હિંસા વિરુધ્ધ કાયદાઓ અંગે જણાવ્યું હતું અને પીડિતાનું લગ્નજીવનમાં પુનઃસ્થાપન કરાવ્યું હતું. પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર દ્વારા સેન્ટર ઉપર આવનાર પીડિત મહિલાને ફકત કાઉન્સેલિંગ જ નહિ પરંતુ સમયાંતરે પીડિતાને ફોન કરીને ફોલોઅપ લેવામાં આવે છે અને પીડિતાના ઘરની મુલાકાત લઈને પુરતી ચકાસણી પણ કરવામાં આવે છે.

કલ્યાણપુરના ખીજદડ ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

જામ ખંભાળિયા, તા.૨૧ : કલ્યાણપુર પંથકમાં સ્થાનિક પી.એસ.આઈ. એમ.આર. સવસેટાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન તાલુકાના ખીજદડ ગામે રહેતા સંજયસિંહ જશુભા જાડેજા નામના શખ્સ દ્વારા એક આસામીનું ખેતર ભાગમાં રાખી અને અહીં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ મંગાવીને વેચાણ અર્થે રાખવામાં આવ્યો હોવાથી આ સ્થળે પોલીસે દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમ્યાન પોલીસે જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની ૧૨ બોટલ તેમજ વ્હિસ્કીના ૭૬૦ પાઉચ અને વ્હાઈટ લેક વોડકાના ૫૩૧ સીલ બંધ પટ્ટા ઉપરાંત રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન કબજે કર્યા હતા.

ખંભાળિયા અને ભાણવડ પંથકમાં કમોસમી માવઠાથી ધરતીપુત્રો હાલાકીમાં

(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળિયા, તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ દરરોજ જુદા જુદા વિસ્તારોમાં કમોસમી માવઠાથી ખેતરોમાં વ્યાપક નુકસાની થવા પામી છે. ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારો વડત્રા, ખોખરી વિગેરે ગામોમાં ગઈકાલે સોમવારે વરસાદી ઝાપટા વરસ્યા હતા. જેના પગલે નદીઓમાં પાણી ચાલી નીકળ્યા હતા. ભાણવડ પંથકમાં પણ સોમવારે વરસાદી માવઠું વરસ્યું હતું. પવન સાથે આ કમોસમી વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. આ વરસાદના કારણે ખેડૂતોને ખેતરોમાં વ્યાપક નુકસાની પણ થવા પામી છે.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ. કેપ્ટન સતીશકુમાર વિરડા

સ્વ. તા.૧૯-૦૩-૨૦૨૩ ફાગણ વદ-૧૨ને રવિવાર

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના

ભાગચંદ (કાળુભાઈ) સુખવાણી

ઈશ્વરભાઈ સુખવાણી — લલિત સુખવાણી
જયેશ સુખવાણી — નીતિન સુખવાણી
નીરજ સુખવાણી — અભય સુખવાણી

તેમજ મહાસાગર ટ્રાવેલ્સ ગ્રુપ

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

નેચરલ ગેસ ઉપર તૈયાર થશે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરનો પ્રસાદ

પ્રસાદ બનાવવાના રસોડા અને નિઃશુલ્ક ભોજનાલયમાં બનશે પર્યાવરણ અનુકૂળ સુરક્ષિત ગેસ પુરવઠા આધારિત રસોઈ

વેરાવળ, તા.૨૧

યશસ્વી વડાપ્રધાન તેમજ સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સોમનાથ ટ્રસ્ટ વિશ્વભરમાં આધ્યાત્મિક ચેતનાનો પ્રસાર કરી રહ્યું છે અને વડાપ્રધાનની દૂરદ્રષ્ટિ સાથે સોમનાથ આદ્યાત્મ અને આધુનિકીકરણનું અદભુત સમન્વય બન્યું છે. આ જ આધુનિકીકરણમાં ઉમેરો કરતા હવે સોમનાથ મંદિરનો પ્રસાદ નેચરલ ગેસ ઉપર તૈયાર થશે. જે હેતુસર આઈઆરએમ એનર્જી દ્વારા બે પ્રસાદ રસોડા અને નિઃશુલ્ક ભોજનાલયમાં પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) પુરવઠો શરૂ કરવામાં આવ્યો છે. જેનું ઉદ્ઘાટન સોમનાથ ટ્રસ્ટ સેક્રેટરી યોગેન્દ્રભાઈ દેસાઈ અને આઈઆરએમ એનર્જીના સીઈઓ કરન કૌશલ દ્વારા શ્રદ્ધાળુઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

આઈઆરએમ ગેસ વિતરણ કંપનીએ ટ્રસ્ટના રસોડામાં પાઈપ્ડ નેચરલ ગેસ સપ્લાય કરવાનું શરૂ કર્યુ છે. જેમાં બે પ્રસાદ બનાવવાના રસોડા અને જ્યાં યાત્રાળુઓને નિઃશુલ્ક ભોજન ઉપલબ્ધ થાય છે તે ભોજનાલયમાં પર્યાવરણ અનુકૂળ અને સુરક્ષિત ગેસ પુરવઠાની જાહેર સેવાઓ દ્વારા હજારો યાત્રીઓને જોડવામાં એક મહત્વપૂર્ણ પગલું બનશે. નોંધનીય છે કે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ ટ્રસ્ટના રસોડા દ્વારા નિઃશુલ્ક ભોજનનો લાભ લે છે.શ્રી સોમનાથ મંદિર પ્રત્યેની શ્રદ્ધા અને સેવામાં આઈઆરએમ એનર્જીએ કોઈપણ ગેસ સિક્યોરિટી ડિપોઝિટ લીધા વિના ટ્રસ્ટના તમામ ૭ રસોડામાં સમગ્ર આંતરિક ગેસ પાઈપલાઈનની સંપૂર્ણ વ્યવસ્થા પણ કરેલ છે. આ તકે ટ્રસ્ટી પી.કે.લહેરીએ નેચરલ ગેસ પાઈપલાઈન દ્વારા મંદિર સંકુલને જોડવાના કંપનીના પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત શ્રી સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ તેમજ આઈઆરએમ એનર્જીના શીર્ષ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દીકરીના જન્મના સવિશેષ વધામણા થવા જોઈએ

જીલ્લા સલાહકાર સમતિની બેઠકમાં જન્મ સમયે જાતિ પ્રમાણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરાઈ

જૂનાગઢ, તા.૨૧

દીકરીના જન્મને લઈને સમાજમાં પ્રવર્તતા કચવાટ અને દીકરીના જન્મના પણ દીકરાના જન્મની જેમ વધામણા થાય તે સંદર્ભે જન્મ પૂર્વે નિદાન ટેકનીક (નિયમન અને દુરૂપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૯૪ હેઠળની જિલ્લા સલાહકાર સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ જન્મ સમયે જાતિ પ્રમાણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત ભવન ખાતે મળેલી આ બેઠકમાં ખાસ કરીને દીકરીના જન્મને લઈને સમાજમાં પ્રવર્તિ રહેલ માનસિકતામાં સકારાત્મક બદલાવ આવે અને દીકરીની સામાજમાં બહુઆયામી ભૂમિકાનેધ્યાનમાં રાખી ખરેખર દીકરીના જન્મના સવિષેશ વધામણા થવા જોઈએ. આ દિશામાં જનજગૃતિ ઉભી કરવા માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉપરાંત સમાજમાં માતા-પિતાના જવાબદારી ઉપાડનાર દીકરીઓનું સન્માન કરવા માટે પણ વિચારણ કરવામાં આવી હતી. આ બેઠકમાં સમગ્ર જિલ્લામાં હોસ્પિટલમાં કાર્યરત સોનોગ્રાફી, સીટી સ્કેન અને એમઆરઆઈ મશીન માટે પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ થયેલ જોગવાઈઓનું અમલીકરણ અને ઈન્સ્પેક્શનની કામગીરી સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત સોનોગ્રાફી, સીટી સ્કેન અને એમઆરઆઈ મશીનના રજીસ્ટ્રેશન, સર્વિસ, વેચાણ સહિતના મુદ્દે વિગતવાર ચર્ચાના અંતે મંજૂરી આપવામાં આવી હતી. અખિલ હિન્દ મહિલા પરિષદના અધ્યક્ષા સાધનાબેન નિર્મળની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી શિલ્પાબેન જાવિયાએ પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા મહિલા મંડળના પ્રતિનિધિ ભાવનાબેન વૈષ્ણવ, સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. ક્રિષ્ના મેહતા, પેથોલોજીસ્ટ ડો. ચિરાગ મેનપરા, ડીઆઈઈસીઓ રમેશ બાકુ, ડી.પી.એ. એચ.એમ. બાફિન, ડીપીએચએનઓ એલ.બી. પરમાર સહિતના સંબંધિત અધિકારી-કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળીયા ખાતે ઓખા તાલુકા શાળાનું સન્માન

(રાકેશ સામાણી દ્વારા)

દેવભૂમિ દ્વારકા તા. ૨૧

ખંભાળીયા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણ સમિતિ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પ્રતિભા સન્માનમાં ઓખા તાલુકા શાળાનો દબદબો રહયો હતો. જેમાં ઓખા તાલુકા શાળાના મહેનતુ અને શિક્ષણ પ્રત્યે જે નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા જાગૃતિબેન પરમારના માર્ગદર્શન હેઠળ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર લાવી શાળાનું ગૌરવ વધારેલ.તે બદલ જાગૃતિબેન પરમારને સિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. દેવભૂમિ દ્વારકા જિલ્લા વાર્તા સ્પર્ધામાં બીજો નંબર બારીયા રાજવીર લાવેલ ત્યારે તેમને સરટીફીકેટ દ્વારા સન્માનિત કરવામાં આવેલ.તેમજ ઝોન કક્ષાએ તેમજ ઈનોવેશન ફેરમાં સારીકાબેન રામોલિયા અને જાગૃતિબેન પરમાર ભાગ લીધેલ તે બદલ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવેલ હતાં.

નાના બાળકો તથા યુવક-યુવતિઓ માટે પર્વતારોહણ પ્રવૃત્તિમાં જોડાવાની ઉમદા તક

જૂનાગઢ, તા.૨૧

કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ એડવેન્ચર કોર્સ તથા ખડક ચઢાણ બેઝિક કોર્સનું આયોજન આગામી એપ્રીલ ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાનાર છે. ખડકચઢાણ એડવેન્ચર કોર્સ, વય મર્યાદા ૦૮ થી ૧૩ વર્ષ, સમયગાળો ૦૭ દિવસ, સ્પેશ્યલ એડવેન્ચર કોર્સ વય મર્યાદા ૪૫થી ૬૦ વર્ષ, સમયગાળો ૦૭ દિવસ, ખડક ચઢાણ બેઝિક કોર્સ વય મર્યાદા ૧૪થી ૪૫ વર્ષ, સમયગાળો ૧૦ દિવસની તાલીમ આપવામાં આવશે. આ અંગેનું નિયત ફોર્મ **FACEBOOK PAGE SVIM ADMINISTRATION** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજી ફોર્મ જરૂરી પુરાવા સાથે કોર્સની તારીખના એક માસ અગાઉ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વાતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ પીન કોડ ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત જ (કુરીયરમાં મોકલવું નહી) મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫ ૨૬૨૭૨૨૮ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

કેશોદમાં ચકલીના માળા માટીના કુંડા બર્ડ ફિડરનું રાહતદરે વિતરણ

(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ તા. ૨૧

વાઈલ્ડ કેર કન્ઝર્વેશન સોસાયટી કેશોદના ઉપક્રમે વિશ્વ ચકલી દિવસની ઉજવણી નિમિત્તે સ્વ.જીવાભાઈ નારણભાઈ વાસણ તથા સ્વ.જીવીબેન જીવાભાઈ વાસણ (કારેજવાળા)ના પુણ્યસ્મરણાર્થે વૈભવ બુક સ્ટોર કેશોદ પાસે ચકલીના માળાના બોક્સ,માટીનાં કુંડાં તથા બર્ડ ફિડરનું રાહતદરે વિતરણ કરવામાં આવેલ હતું.વેરાવળના કવિ યોગેશ વૈદ્ય, ઈન્દુબેન જોશી, ડો. તન્ના,ધર્મિષ્ઠા વાસણ તથા વિશાલ પાણખાણિયાએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરેલ હતો. આ પ્રસંગે ગામની વિવિધ સંસ્થાઓના અગ્રણી કાર્યકરો સર્વ જગમાલભાઈ નંદાણિયા, ડો. તન્ના, ઋષિકેશભાઈ દવે, ડો. ભુપેન્દ્ર જોશી, પ્રવીણભાઈ પાઠક, રેવતુભા રાયજાદા, દિનેશભાઈ રાજા, જયદીપભાઈ ઝાંઝમેરિયા, પરેશભાઈ ત્રિવેદી, અર્જુનભાઈ પાઘડાર, વિનુભાઈ અગ્રાવત, જયંતભાઈ પંડ્યા, તુલસીભાઈ ટીટીયા, જિતુભાઈ ધોળકિયા, આર.પી.સોલંકી, મહાવીરસિંહ જાડેજા,વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. આ કાર્યક્રમમાં આશરે ૮૦૦ જેટલા માળા, ૪૦૦ જેટલા પાણીના કુંડા તેમજ ૩૦૦ જેટલા બર્ડ ફિદરનું રાહત દરે વિતરણ કરવામાં આવેલ હતું. નિશાંત પુરોહિત,જિતુભાઈ પુરોહિત ધર્મિષ્ઠા વાસણ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં આગામી ૧૭ થી ૨૬ એપ્રિલ દરમ્યાન 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' કાર્યક્રમનું આયોજન

તમિલનાડુના ચેન્નાઈ ખાતે કાર્યક્રમના લોગો, થીમ સોંગ અને રજીસ્ટ્રેશન પોર્ટલનું કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાના હસ્તે અનાવરણ કરાયું

- ગુજરાતના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તમિલનાડુમાં વસતા સૌરાષ્ટ્રીયન લોકોને ગુજરાતમાં આવવા આવકાર્યા
- સૌરાષ્ટ્ર ગુજરાત સંગમથી બંને રાજ્યો વચ્ચે ઈતિહાસ, કલા અને સંસ્કૃતિનું આદાન-પ્રદાન થશે
- તમિલનાડુમાં વસતા સૌરાષ્ટ્રીયન લોકોને આવકારવા ૯ શહેરમાં રોડ શો યોજાશે, ગુજરાતના મંત્રીઓ સૌરાષ્ટ્રીયન તમિલ લોકોને આમંત્રણ પાઠવવા જશે
- સૌરાષ્ટ્ર તમિલ સંગમનો મુખ્ય કાર્યક્રમ સોમનાથ જ્યારે અન્ય કાર્યક્રમો દ્વારકા, રાજકોટ, પોરબંદર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાશે

જૂનાગઢ, તા.૨૧

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં આગામી ૧૭ થી ૨૬ એપ્રિલ દરમ્યાન "સૌરાષ્ટ્ર તમિલ સંગમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષો પહેલા ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી સ્થળાંતર કરીને તમિલનાડુ રાજયમાં સ્થાયી થયેલા લોકોને સન્માનિત કરવા તેમજ બંને રાજયો વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની ઉજવણી કરી સંસ્કૃતિનું આદાન-પ્રદાન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૯મી માર્ચના રોજ ચેન્નાઈ ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા, શ્રી અનુરાગ ઠાકુર, ડૉ. મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમના લોગો, થીમ સોંગ અને રજીસ્ટ્રેશન પોર્ટલ **saurashtra.nitt.ed** નું અનાવરણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયાએ સૌરાષ્ટ્ર તમિલ સંગમને "સોમસુંદરેશ્વર મહાદેવનો સોમનાથ મહાદેવ સાથેનો સંગમ" ગણાવતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમના ૧૦ દિવસ દરમિયાન બંને રાજ્યો વચ્ચે ઈતિહાસ, કલા, ભાષા અને સંસ્કૃતિનું જે આદાન-પ્રદાન થશે, તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "એક ભારત અર્થમાં ચરિતાર્થ કરી નવી દિશા આપશે. આ સંગમ ઈતિહાસમાં બે રાજ્યો વચ્ચેનું સૌપ્રથમ અને સૌથી મોટું પુનઃમિલન હશે, જે આ બંને રાજ્યોના ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના બનશે.મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાને સૌને સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે અનુરોધ કર્યો છે, ખાસ કરીને એવા રાજયો વચ્ચે જે ભૌગોલિક રીતે અલગ હોય પરંતુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલા હોય. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત અને તમિલનાડુ રાજય વચ્ચે કલા, ખાણી-પીણી, સાહિત્યઅને રમત-ગમત જેવી વિવિધ પ્રવૃત્તિઓની આપ-લે માટે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતના તાત્કાલિત મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ એક દાયકા પહેલા વર્ષ ૨૦૦૫માં શરૂ કરેલી પહેલ આજે સાચા અર્થમાં પરિપૂર્ણ થવા જઈ રહી છે. ગુજરાત અને તમિલનાડુ રાજ્યના યુવાનો માટે આ કાર્યક્રમમાં સહભાગી થઈ બંને રાજ્યના ઈતિહાસ, સંસ્કૃતિ અને અમૂલ્ય વારસા સાથે પરિચિત થવાની એક સોનેરી તક છે.ગુજરાત તરફથી રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રહેલા મંત્રીશ્રીઓએ આ તકે સૌને "સૌરાષ્ટ્ર તમિલ સંગમ"માં જોડવા માટે અને ગુજરાતમાં તમિલનાડુમાં વસતા લગભગ ૧૨ લાખ જેટલા સૌરાષ્ટ્રીયન લોકોને આવકારવા માટે તા.૧૯, ૨૫ અને ૨૬ માર્ચના રોજ ચેન્નાઈ, મદુરાઈ, દીંડીગુલ, પરમકુડુ, સાલેમ, કુમ્બાકોનમ, થન્જાવુંર અને ત્રીચીમાં રોડ શો યોજાશે. રોડ શો દરમિયાન ગુજરાતના મંત્રીઓ સૌરાષ્ટ્રીયન તમિલ લોકોને ગુજરાત આવવા આમંત્રણ પાઠવવા જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમનો મુખ્ય કાર્યક્રમ સોમનાથ ખાતે યોજાશે. આ ઉપરાંત દ્વારકા, સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર, રાજકોટ અને પોરબંદર સહિત રાજયના વિવિધ સ્થળો ખાતે પણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓખા દામજી જેટી ખાતેથી ૪૨મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા યોજાઈ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૧

નિયામક યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દેવભૂમિ દ્વારકા સંચાલિત, હરિઓમ આશ્રમ નડિયાદ પ્રેરિત ૪૨મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા યોજાઈ હતી. ૫૩ જેટલી હોડી સ્પર્ધામાં જોડાઈ હતી. આ હોડી સ્પર્ધા ઓખા દામજી જેટીથી બેટ ટાપુ ફરતે રાઉન્ડ મારી ઓખા દામજી જેટી સુધી યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સુલતાન સલીમ થૈમએ ૧ કલાક ૫૩ મિનીટ અને ૩૫ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ચાવડા મંગા ઉમર કે જેઓએ ૧ કલાક ૫૮ મિનીટ અને ૧૨ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ બંદરી અયુબ અભુ ૧ કલાક ૫૯ મિનીટ અને ૧૩ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી તૃતીય ક્રમે રહ્યા હતા. વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં અગ્રણીઓએ ઉપસ્થિત રહીને સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું.

ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા પર્યાવરણને અનુકુળ જીવન શૈલી વિશે તાલીમ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૨૧ : ગુજરાત ઈકોલોજી કમિશન, ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લાના કેશોદ, માણાવદર, માળીયા હાટીના અને ભેસાણ તાલુકાના - ગડુ, ચોરવાડ, અજબ, શેરગઢ, સણોસરા, કતકપરા, છોડવાણી અને મેંદપરા ગામોમાં પર્યાવરણને અનુકૂળ જીવન શૈલી વિષે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવિયો હતો જેમાં વિસ્તાર સંસ્થા - ગાંધીનગરના પ્રતિનિધિ ચેતનસાધુ, ડો.નયના પટેલ, શિશિર સંત, શંકર વણકર, કરણ શ્રીમાળી અને સુરેશ પરમાર દ્વારા પર્યાવરણ વિષય ઉપર પાણી, વીજળી, જમીનબચાવી અનેતેના પ્રદૂષણો અટકાવ માટે શું કરવુંતેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તારીખ ૧૬ માર્ચ ૨૦૨૩થી ૧૯ માર્ચ ૨૦૨૩ સુધી આતાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં આવેલ ખેડતોને તાલીમ કીટ, પેડ, પેન અને નાસ્તો આપવામાં આવેલ અને તમામ ખેડતોના પ્રશ્નના સંતોષકારક જવાબ આપેલ હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

કિસાન સન્માન નિધિમાં ધનરાશિ વધારાની જરૂર

ગત દિવસોમાં એક કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિસાન સન્માન નિધિ યોજનાનો તેરમો હપ્તો આપ્યો. તેના દ્વારા આઠ કરોડથી વધારે ખેડૂત પરિવારોના ખાતાંમાં કુલ ૧૬,૮૦૦ કરોડ રૂપિયાની રોકડ ધનરાશિ હસ્તાંતરિત કરવામાં આવી. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલાં મોદી સરકારે ખેડૂતો માટે વડાપ્રધાન કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાની શરૂઆત કરી હતી. આ પ્રશંસની યોજનામાં કિસાન પરિવારોની આર્થિક મદદ માટે ત્રણ બરાબર હપ્તામાં કુલ ૬૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર એટલે કે ડીબીટીના માધ્યમથી સીધા તેમના બેંક ખાતાંમાં હસ્તાંતરણ કરવાની જોગવાઈ છે. અત્યાર સુધી આ યોજના અંતર્ગત લગભગ ૨.૫૦ લાખ કરોડ રૂપિયાનું હસ્તાંતરણ લાયક ખેડૂતોના ખાતામાં થઈ ચૂક્યું છે. આ યોજનામાં જોડાતાં પહેલાં લાભાર્થી ખેડૂતોના આધાર કાર્ડ, બેંક ખાતાં, જમીન માલિકીનાં કાગળ અને મોબાઈલ નંબર વગેરેના માધ્યમથી સંપૂર્ણ સત્યાપન કરવામાં આવે છે. આ યોજનાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં લાભાર્થીઓનાં બેંક ખાતાંમાં કોઈ વચેટિયા વગર ઈલેક્ટ્રોનિક માધ્યમથી એક બટન દબાવીને સીધી રકમ હસ્તાંતરિત થાય છે. તેનાથી એક તો આ ધનરાશિમાં લીકેજ અટકે છે એટલે કે ૧૦૦ ટકા રકમ સીધા લાભાર્થી ખેડૂતના ખાતામાં જ જાય છે અને તેમાં પ્રશાસનિક ખર્ચો પણ ઓછો થાય છે, જેનાથી સરકારી નાણાંની બચત થાય છે. આખા દેશના ખેડૂતો માને છે કે મોદી સરકારની આ યોજના તેમના માટે અત્યંત લાભકારી છે. ખેડૂતો માટે આ રકમ ખાતર, બીજ, તેલ વગેરે ખરીદવા, બાળકોની ફી, દવા, સિંચાઈ અને અન્ય નાનામોટા ખર્ચામાં બહુ કામ લાગે છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજના માટે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના બજેટની જોગવાઈ કરવામાં આવી છે. આ રાશિ ગયા નાણાંકીય વર્ષના સંશોધિત બજેટ અનુમાન જેટલી જ છે. આ યોજનાને શરૂ થયે ચાર વર્ષથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હજુ સુધી તેને અંતર્ગત મળનારી ૬૦૦૦ રૂપિયાની રકમમાં કોઈ વધારો નથી કરવામાં આવ્યો. સરકારમાં બેઠેલા અર્થશાસ્ત્રી પણ એ વાતથી સહમત થશે કે વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધી ફુગાવો એટલે કે મોંઘવારી દરને કારણે આ ધનરાશિના લગભગ એક તૃતિયાંશ મૂલ્યનું ધોવાણ થયું છે. જો ફક્ત મોંઘવારી દરના આધારે જ આકલન કરવામાં આવે તો આગામી નાણાંકીય વર્ષથી તેમાં મળનારી ધનરાશિને ૬૦૦૦ રૂપિયાથી વધારીને ૮૦૦૦ રૂપિયા કરવી જોઈતી હતી, પરંતુ પાછલાં ચાર વર્ષોમાં પાકના વધતા ખર્ચનું સંપૂર્ણ આકલન કરીએ તો આગામી નાણાંકીય વર્ષના બજેટમાં આ યોજના અંતર્ગત અપાતી ધનરાશિ ૬૦૦૦ રૂપિયાથી વધારીને ઓછામાં ઓછી ૧૨,૦૦૦ રૂપિયા કરવી અત્યંત જરૂરી છે. તેનાથી રાજકોષ પર ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ભાર તો પડશે, પરંતુ તેનાથી કરોડો ખેડૂત પરિવારોનું ભલું અવશ્ય થશે. કેન્દ્ર સરકારે આગામી નાણાંકીય વર્ષ માટે લગભગ ૪૫ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે. તેથી આ વધારાની ધનરાશિની ફાળવણી અને સમાયોજન કરવું બહુ કઠિન પણ નથી. ભવિષ્યમાં પણ આ યોજનાની ધનરાશિને ફુગાવાના દરમાં ઓછામાં ઓછા પાંચ ટકા ઉમેરીને દરેક વર્ષે વધારવામાં આવે, જેથી આ યોજનાની રકમનું આર્થિક મૂલ્ય સન્માનજનક બની રહે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પશ્ચાતાપના આંસુ વડે સર્વપાપ ધોવાઈ જાય છે.

- સ્વામી રામતીર્થ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.આવા-૧૩૯૨, મુ. શાબાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ફાગણ વદ-૩૦ દર્શ અમાવસ્યા, પંચક, પા. જમશેદજી નવરોઝ તા.૨૧ માર્ચ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૨૮, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, શુભ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૫૬, સૂ.અ.૭:૦૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સવારે ૧૧:૫૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં વ્યગ્રતા અનુભવાય.
વૃષભ : માનસિક અસ્વસ્થતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન : પુરૂષાર્થનું શુભરૂપ પ્રાપ્ત થાય. આરોગ્ય બાબતે સાવચેત રહેવું.
કર્ક : મનની મુરાદ મનમાં રહે. અણધારી આફત આવે.
સિંહ : મહત્વની કામગીરીમાં સફળતા મળે. નવિન ઓળખાણ લાભ આપી જાય.
કન્યા : આરોગ્ય અંગે સાવચેત રહેવું. પડોશી વર્ગથી મતભેદ સર્જાય.
તુલા : લાભની આશા ઠગારી નીવડે. આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી.
વૃશ્ચિક : ચિંતાનો ઉકેલ મળે. મનની મુરાદ બર આવે.
ધન : નવિન લાભની તક મળે. શત્રુઓ કે વિરોધી વર્ગ પર વિજય મળે.
મકર : માનસિક ચિંતા અનુભવાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ : સામાજિક કાર્યમાં સફળતા મેળવી શકશો. ધંધામાં આકસ્મીક લાભ થાય.
મીન : મનની મુરાદ પૂરી થાય, આનંદમય દિવસ વ્યતિત થાય. પ્રિયજનથી મિલન થાય.

એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસ દ્વારા અત્યાધુનિક ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝરની રજૂઆત

મિલ્કએનાલાઈઝરમાં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગના કારણે દૂધની વાસ્તવિક ગુણવત્તાઅંગે ચોકસાઈથી વિશ્લેષણ થાય છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ડેરી ટેકનોલોજી સોલ્યુશન્સ પૂરા પાડતી એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસ એફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર નામની તદ્દન નવી પ્રોડક્ટ રજૂ કરી છે.આ ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝરમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થયો હોવાને કારણે દૂધની વાસ્તવિક ગુણવત્તા અંગે ચોકસાઈથી વિશ્લેષણ થાય છે. પોસાય તેવું આ સાધન ફેટ, એસએનએફ, ઉમેરેલું પાણી, ઘનતા, પ્રોટીન અને લેક્ટોઝની ટકાવારી ૩૦ સેકન્ડ કરતાં ઓછા સમયમાં દર્શાવે છે. નેશનલડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ચેરમેન મિનેશ શાહ, ઈન્ડિયન ડેરી એસોસિએશન (IDA)ના પ્રેસિડેન્ટ, આરએસ સોઢી, અમૂલ ડેરીના એમડી, અમિત વ્યાસ, ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન (IDF)ના પ્રેસિડેન્ટ, પિયરક્રિસ્ટીઆનો બ્રેઝેલ તથા પ્રસિધ્ધ ટેકનોક્રેટ, આઈડીએના સભ્યો તથા ડેરી ઉદ્યોગના પ્રતિનિધિઓ આ સમારંભમાં હાજર રહ્યા હતા.

એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસ નામેને જીંગ ડિરેક્ટર (MD) અજીત પટેલ જણાવે છે કે "ફેટસ્કેનમિલ્ક એનાલાઈઝર અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ચોકસાઈપૂર્વકના પરિણામો વાસ્તવિક ધોરણે પૂરાં પાડે છે અને દૂધ ઉત્પાદકો તથા પ્રોસેસર્સને કાર્યક્ષમતા અને નફાકારકતા વધારવામાં સહાયરૂપ થાય છે. અમને વિશ્વાસ છે કે ફેટસ્કેનમિલ્કએનાલાઈઝરની નવતર ટેકનોલોજીથી દૂધનું વિશ્લેષણ કરવાના ઉદ્યોગમાં ક્રાંતિ આવશે." ફેટસ્કેન મિલ્કએનાલાઈઝર આત્મનિર્ભર ભારત ઝૂંબેશને વેગઆપીનેમેક ઈનઈન્ડિયાની કામગીરીમાં ગતિ લાવશે. એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસના જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર પરિમલ પટેલે જણાવ્યું હતું કે "અત્યાર સુધીમાં મિલ્ક એનાલાઈઝર્સની યુરોપમાંથી આયાત થતી હતી. ફેટસ્કેનમિલ્કએનાલાઈઝર ભારતમાં તૈયાર કરાયું છે. અમને વિશ્વાસ છે કે તેનાથી ગ્રાહકો માટે દૂધ અને દૂધની પ્રોડક્ટસની ગુણવત્તા સુધારવામાં સહાય થશે. ફેટસ્કેનમિલ્કએનાલાઈઝર એ ઉત્તમ પ્રોડક્ટ છે અને તે મિલ્ક પ્રોસેસર્સ અને ડેરી ક્ષેત્રના ખેડૂતો માટેની અમારી પ્રતિબધ્ધતાનું પ્રતિબિંબ છે."

ફેટસ્કેનમિલ્કએનાલાઈઝરને તા.૧૬ થી ૧૮ માર્ચ દરમ્યાન ગાંધીનગર ખાતે યોજાયેલ ૪૯મી ડેરી ઈન્ડસ્ટ્રી કોન્ફરન્સ અને પ્રદર્શનમાં પ્રદર્શિત કરાયું હતું. કેન્દ્રના ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ, કેન્દ્રના માછીમારી, પશુપાલન અને ડેરી ક્ષેત્ર વિભાગના મંત્રી પરશોત્તમ રૂપાલા, ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસના સ્ટોલની મુલાકાત દરમ્યાન ફેટસ્કેનમિલ્કએનાલાઈઝર રજૂ કર્યું હતું. તેમણે મેક ઈનઈન્ડિયા ઝૂંબેશમાં પ્રદાન તથા આયાત અવેજીકરણ બદલ આ પ્રોડક્ટસની પ્રસંશા કરી હતી. યુઝરફ્રેન્ડલી, લાક્ષણિકતા અને નવતર પ્રકારની ડિઝાઈન ધરાવતું ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર તમામ વપરાશકારો માટે યોગ્ય છે.આ ડિવાઈસ પોર્ટેબલ છે અને વિવિધ પ્રકારના સ્થળોએ તેનો ઉપયોગ થઈ શકે તેમ છે.

વર્તમાન વાઈરલ ઈન્ફેક્શન ઉપર નિષ્ણાંતોની સર્વસંમતિ - તબીબી સમુદાય માટે

અમદાવાદ, તા.૨૧

(૧) હાલમાં પુષ્ક્ર દર્દીઓમાં તમારી પ્રેક્ટસિમાં તમે કયા શ્વસન વાયરસ જોઈ રહ્યા છો ? : ઈન્ફ્લ્યુએન્ઝા ખાસ કરીને (એચઉએનર) મોટી સંખ્યામાં જોવા મળી રહ્યો છે ત્યારબાદ કોવિડ-૧૯ અને રાઈનોવાઈરસ આવે છે.

(૨) શંકાસ્પદ વાયરલ શ્વસન બમિારી વાળા દર્દી માટે વાયરલ પરીક્ષણનો અભગિમ શું હોવો જોઈએ ? : અમે શંકાસ્પદ વાયરલ શ્વસન બિમારી સાથે હોસ્પીટલમાં દાખલ થયેલા તમામ દર્દીઓને (પીસીઆર આધારીત પરીક્ષણ સાથે) પરીક્ષણ કરવાનું પસંદ કરીએ છીએ. ઓપીડીના આધારે સારવાર લેવાતા દર્દીઓ માટે, ટેસ્ટ કરવાનો નિર્ણય કેસ ટુ કેસના આધારે પસંદગીપૂર્વક લઈ શકાય છે. નબળી રોગપ્રતીકારક શક્તિ ધરાવતા દર્દીઓ અથવા જેમના લક્ષણોમાં સુધારો થતો નથી તેઓને પીસીઆર આધારીત પરીક્ષણ માટે ધ્યાનમાં લઈ શકાય છે.

(૩) કયા દર્દીઓ ઓસેલ્ટામિવીરનો ઉપયોગ કરવા યોગ્ય છે ? : અમે ઈન્ફ્લ્યુએન્ઝા માટે દાખલ થયેલા તમામ દર્દીઓમાં ઓસેલ્ટામિવીરનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ, બીમારીની સમયરેખાને ધ્યાનમાં લીધા વગર. દાખલ થયેલા લોકોમાં, ઓસેલ્ટામિવીર ઈન્ફ્લ્યુએન્ઝા પુષ્ટી થયેલ અથવા શંકાસ્પદ દર્દીઓને આપી શકાય છે. અમે પીસીઆર આધારીત પરીક્ષણ દ્વારા નિદાનની પુષ્ટી કરવાનું પસંદ કરીએ છીએ જેના લક્ષણો ૪૮ કલાકની અંદર દેખાય છે. ઓપીડીમાં ઓસેલ્ટામિવીરનો નિયમિત ઉપયોગ ટાળવો જોઈએ. ઓસેલ્ટામિવીર પ્રતિકાર સંબંધીત ચિંતાઓ છે અને તેથી તેનો ઉપયોગ કરવો જોઈએ. કાળજીપૂર્વક પસંદ કરાયેલા દર્દીઓ કે જેઓને લાભ થવાની સંભાવના છે.

(૪) શું તમે લક્ષણોની શરૂઆતમાં તમારા દર્દીઓને એન્ટીબેક્ટેરીયલ એજન્ટો આપો છો : શંકાસ્પદ શ્વસન વાયરલ ચેપ ધરાવતા દર્દીઓમાં ખાસ કરીને ઓપીડીમાં એન્ટીબેક્ટેરીયલ એજન્ટોનો નિયમિત ઉપયોગ ટાળવો જોઈએ. એમોકિસાસિલિન-ક્લેવ્યુલેનેટ, મેક્રોલાઈડસ, ફ્લોરોકિવનોલોન્સ જેવા એજન્ટોનો આડેધડ ઉપયોગ ટાળવો જોઈએ. દાખલ દર્દીઓ માટે સુપરએડેડ બેક્ટેરીયલ ચેપ હાજર છે કે કેમ તે સુનશ્ચિતિ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

(૫) શંકાસ્પદ શ્વસન વાયરલ ચેપ ધરાવતા દર્દીઓમાં તમે કઈ તપાસ માટે પૂછો છો ? : દાખલ દર્દીઓ માટે અમે વાયરલ પીસીઆર પરીક્ષણની ભલામણ કરીએ છીએ. આ ઉપરાંત સીબીસી, સીઆરપી મોકલવા જોઈએ. ગૌણ બેક્ટેરીયલ ચેપની શંકા ધરાવતા દર્દીઓમાં, **PROCALCITONIN** અને **SPUTUM CULTURE** ધ્યાનમાં લેવામાં આવી શકે છે.

(૬) વાયરલ એઆરડીએસ ધરાવતા દર્દીઓમાં સ્ટેરોઈડ્સનો ઉપયોગ કરવા માટે તમારા માપદંડ શું છે ? : અમે ભલામણ કરીએ છીએ કે હાયપોકિસાયા ધરાવતા કોવીડ-૧૯ દર્દીઓ માટે સ્ટેરોઈડ્સનો ઉપયોગ મર્યાદીત કરો. અન્ય દર્દીઓ માટે, જ્યાં સુધી રેફ્રેક્ટરી શોક, સીઓપીડી અથવા અવરોધક વાયુ માર્ગ રોગ ન હોય ત્યાં સુધી, સ્ટેરોઈડ્સ ટાળવા જોઈએ.

(૭) શું તમારી પ્રેક્ટીસમાં ઓસેલ્ટામિવીરનો ૫ દીવસથી વધુ ઉપયોગ કરવાનો કોઈ સંકેત છે ? : સામાન્ય રીતે અમે ઈન્ફ્લ્યુએન્ઝા માટે ૫ દિવસના ઓસેલ્ટામિવીરની ભલામણ કરીએ છીએ. નીચલા શ્વસન માર્ગના ગંભીર રોગના ચાલુ લક્ષણો ધરાવતા દર્દીઓ માટે (ખસા કરીને ઈમ્યુનોસપ્રેસન સેટિંગમાં) એન્ટીવાયરલ સારવારની વિસ્તૃત અવધિ ૧૦ દિવસ સુધી વાજબી હોઈ શકે છે, ખાસ કરીને જેઓ શ્વસન નમૂનામાંથી શોધી શકાય તેવા વાયરલ આરએનએ ચાલુ રાખે છે. એન્ટીવાયરલ સારવારના ૫ દિવસ પછી.દ

(૮) ઈન્ફ્લ્યુએન્ઝા રસી માટેની ભલામણો ? બધા પુષ્ક્ર દર્દીઓને ઈન્ફ્લ્યુએન્ઝા રસી આપવી જોઈએ, સિવાય કે

બિનસલાહભર્યા. આમાં નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા દર્દીઓનો સમાવેશ થાય છે. જાણીતા વિરોધાભાસમાં ઈન્ફ્લ્યુએન્ઝા રસીકરણને કારણે ગુઈલેન-બેરે સિન્ડ્રોમનો સતિહાસ તેમજ રસી અથવા તેના ઘટકો અને એલર્જીનો સમાવેશ થાય છે.ર્જ

(૯) ઈન્ફ્લ્યુએન્ઝા સાથે તમે જોઈ રહ્યા છો તે પોસ્ટ વાયરલ ગૂંચવણો શું છે ? : ઈન્ફ્લ્યુએન્ઝા પછીના બેક્ટેરીયલ અથવા ફંગલ ચેપ, લાંબા સમય સુધી થાક, લાંબી ઉધરસ, શ્વાસનળીનો સોજો જોઈ શકાય છે.

(૧૦) એન્ટીવાયરલ પ્રોફીલેકિસસ : ઈન્ફ્લ્યુએન્ઝા નિવારણ માટે રસીકરણ એ સૌથી મહત્વપૂર્ણ સાધન છે. એન્ટીવાયરલ દવાઓ ચોક્કસ સંજોગોમાં ઉપયોગી સહાયક સાધનો હોઈ શકે છે પરંતુ રસીકરણના વિકલ્પ તરીકે તેનો ઉપયોગ થવો જોઈએ નહીં. ઈન્ફ્લ્યુએન્ઝાના નિવારણ માટે એન્ટીવાયરલ દવાઓના નિયમિત ઉપયોગ માટે કોઈ ભૂમિકા નથી. અમુક પરિસ્થિતિઓમાં એક્સપોઝર પછીના ૪૮ કલાકની અંદર ઉચ્ચ જોખમિ વ્યક્તિઓને પ્રોફીલેક્સીસ આપવામાં આવી શકે છે, જેમને રસી આપવામાં આવી નથી.

માહી ડેરી દ્વારા લસ્સી લોન્ચ કરાઈ

ડેરી દ્વારા મેન્ગો, રોઝ અને લીચીના સ્વાદમાં લસ્સી લોન્ચ કરાઈ, દરેક સ્તર ઉપર ગુણવત્તા એ જ માહીનો મંત્ર : ચેરમેન જાડેજા, માહી ડેરીની કામગીરીનો દસકો પૂર્ણ થતા કાર્યક્રમ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ,તા. ૨૧

માહી તેને થતી ૧૦૦ રૂપિયાની આવકમાંથી ૮૦થી ૮૨ રૂપિયા દૂધ ઉત્પાદકોને પરત ચૂકવે છે તેના કારણે દૂધ ઉત્પાદક સદસ્યો સ્વાભિમાનપૂર્વકતેમનું ગુજરાન ચલાવી આજે પણ ગૌરવ અનુભવી રહ્યા છે. સતત વિકાસ સાથે એક દાયકાની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરવી તે બહુ મોટી વાત છે તેમ સંસ્થાની કામગીરી શરૂ કર્યાના દસ વર્ષ પૂર્ણ થતા યોજાયેલા સમારંભમાં પ્રાસંગિક ઉદબોધન કરતા માહી ડેરીના ચીફ એકિઝકયુટિવ ડો.સંજય ગોવાણીએ જણાવ્યું હતું. તેમણે દૂધ ઉત્પાદક સદસ્યોના આર્થિક ઉત્થાન માટે સતત કાર્યરત રહેવા બદલ સંસ્થા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા સૌ કોઈનો આભાર માની સંસ્થાને નવી ઉંચાઈઓ ઉપર લઈ જવા હાકલ કરી હતી. આ પ્રસંગે ડેરીની નવી પ્રોડક્ટ આવી હતી. માહી ડેરીના વિવિધ ઉત્પાદનોએ તેની ઉચ્ચ ગુણવત્તા થકી માર્કેટમાં એક અલગ જ સ્થાન મેળવી લીધુ છે ત્યારે ડેરી દ્વારા તેની કામગીરી શરૂ કર્યાના અગિયારમાં વર્ષમાં મંગલપ્રવેશ નિમિત્તે એક કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે ડિસ્ટ્રીબ્યુટરો અને ટ્રાન્સપોર્ટરોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સંસ્થાના ચીફ એકિઝક્યુટિવ ડો. સંજય ગોવાણીએ ડિજિટલ ક્ષેત્રમાં સંસ્થાએ સાધેલી સિધ્ધિઓને બિરદાવી હતી. તેમણે માહીની આ યાત્રામાં પોતાના આર્થિક સ્વાવલંબન સાથે સાથે દૂધ ઉત્પાદકોની સેવાનો પણ લાભ મેળવી યોગદાન આપનાર તમામ સ્ટેક હોલ્ડર્સનો આભાર પણ માન્યો હતો. માહી ડેરીના ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજાએ સંસ્થાનો પાયોજ ગુણવત્તા ઉપર ઉભો કરવામાં આવ્યો હોવાનું જણાવી કહ્યુ હતું કે, દરેક સ્તર રાખીને જ માહીમાં કાર્ય કરવામાં આવતું હોવાથી માહીના દરેક ઉત્પાદનો લોકોમાં વિશ્વાસભર્યુ સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. આ પ્રસંગે માહી ડેરીના નિયામક વિશ્વાસભાઈ ડોડિયાએ પણ પ્રસંગોચિત વકતવ્ય આપ્યુ હતું. જયારે જીજ્ઞેશભાઈ બોરડે માહીની યશગાથા રજૂ કરી હતી. આ પ્રસંગે સેલ્સ અને માર્કેટિંગ હેડ હર્ષદત્ત ચૌબેએ પણ પ્રાસંગિક વકતવ્ય આપ્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત ડિસ્ટ્રીબ્યુટર્સની વિશાળ ઉપસ્થિતિમાંનવી પ્રોડક્ટ માહી લસ્સી લોન્ચ કરવામાં આવી હતી. શૌનક રાવલે લસ્સી અંગે વિસ્તૃત રસપ્રદ વિગતો રજૂ કરી હતી. ગુલાબ, લીચી અને મેન્ગો સ્વાદમાં લોન્ચ કરવામાં આવેલ માહી લસ્સી નેચરલ આઈડેન્ટીકલ ફલેવર્સમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે માહી ડેરીએ ગત વર્ષને ચરલ ફલેવર્સમાં શ્રીખંડ અને મિષ્ટિ દોઈલોન્ચ કર્યા હતા અને તેને લોકોનો અકલ્પનીય પ્રતિસાદ મળ્યો છે. કાર્યક્રમની શરૂઆતમાં માહી ડેરી સાથે શરૂઆતથી જોડાયેલા રહેલા ડિસ્ટ્રીબ્યુટરો, ટ્રાન્સપોર્ટરો અને કર્મચારીઓને સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે માહી ડેરીના ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજા, નિયામક મંડળના સભ્યો, ચીફ એકિઝકયુટિવ ડો. સંજય ગોવાણી તેમજ ડેરીના કર્મચારીઓ, ડિસ્ટ્રીબ્યુટરો તથા ટ્રાન્સપોર્ટરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ હિતેન્દ્રભાઈ કોટેચાએ કરી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પુજા જોષીએ તેમની આગવી છટામાં કર્યુ કહતું.

ભગવાન રામે આ ઝાડ નીચે વિતાવી હતી ત્રણ રાત, મુઘલ બાદશાહ અકબરે તેને તોડવા પૂરો પ્રયાસ કર્યો પણ

પ્રયાગરાજ,તા.૨૧

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જીલ્લામાં અકબરના કિલ્લાની અંદર અક્ષયવતનામનું એક વિશાળ વૃક્ષ છે. ખાસ વાત એ છે કે આ વૃક્ષ ૩૦૦ વર્ષથી વધુ જૂનું છે.

જયાં ધાર્મિક માન્યતાઓ અનુસાર વર્ષોથી પૂજા કરવામાં આવે છે. એવું કહેવાય છે કે મુઘલ બાદશાહ અકબરે તેને ખતમ કરવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. તેણે તેના અધિકારીઓને આ ઝાડ આપ્યો હતો. આ જ કારણે આ ઝાડને બાળવાના અનેક પ્રયાસ પણ કરવામાં આવ્યા હતા.પરંતુ ભગવાનની શક્તિનું એવું સ્વરૂપ કે વૃક્ષ ફરી ફરી તે જ જગ્યાએ ઉગી નીકળતું હતું. અને આજે પણ અડીખમ છે. આ કિલ્લાની અંદર સ્થિત પાતાલપુરી મંદિરમાં અક્ષયવટ ઉપરાંત ૪૩ દેવતાઓની મૂર્તિઓ પણ સ્થાપિત છે. પ્રયાગરાજના એક પૂજારી પ્રયાગનાથ ગોસ્વામીએ જણાવ્યુ હતું કે આ વૃક્ષ નીચે વનવાસ દરમિયાન ત્રણ રાત્રિ સુધી આરામ કર્યો હતો. શું છે કથા?.. તે જાણો.. પૌરાણિક કથાઓ અનુસાર, જયારે એક ઋષિએ ભગવાન નારાયણને દૈવી શક્તિ બતાવવાનું કહ્યું હતું. ત્યારે તેમણે આખી દુનિયા એક ક્ષણ માટે ડુબાડી દીધી હતી. ત્યાર પછી તેમણે આ પાણીને પણ અદ્રશ્ય કરી દીધુ હતુ. આ દરમિયાન જ્યારે બધી વસ્તુઓ પાણીમાં ડૂબી ગઈ ત્યારે માત્ર અક્ષય વટનો ઉપરનો ભાગ જ પૌરાણિક કથા છે. અક્ષયવત વૃક્ષની પાસે કામકૂપ નામનું તળાવ હતું. ચીનના પ્રવાસી હ્યુએન ત્સાંગે તેમની ભારત મુલાકાત દરમિયાન તેમના પુસ્તકમાં આ તળાવનો ઉલ્લેખ કર્યો છે. લોકો આ તળાવમાં સ્નાન કરીને મોક્ષ મેળવતા હતા. આ રીતે મોક્ષ મેળવવા માટે ઘણા રાજયોમાંથી લોકો અહીં આવતા હતા અને ઝાડ પર ચડીને તળાવમાં કૂદવાનો પ્રયાસ કરતા હતા. આવું પ્રયાગરાજના પૂજારી અરવિંદે

કોંગ્રેસ સિવાય કોઈ અન્ય વિપક્ષી મોરચો શક્ય જ નથી : જયરામ રમેશ

નવી દિલ્હી તા.૨૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદનને લઈને હાલ સંસદમાં મડાગાંઠ ચાલી રહી છે. તૃણમૂલ કોંગ્રેસ આ સત્રમાં કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓથી અલગ પડે તેમ લાગે છે. એટલું જ નહીં, તૃણમૂલ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પણ ત્રીજા મોરચા માટે લોબિંગ કરતી જોવા મળી રહી છે. આ મુદ્દાઓ ઉપર કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ 'ભાષા'ના પાંચ પ્રશ્નો અને તેમના જવાબો રજૂ કરી રહ્યા છે. JPCની માંગ ઉપર વિપક્ષમાં મતભેદ કેમ છે, ખાસ કરીને તૃણમૂલ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) કોંગ્રેસથી અલગ છે ? આ સવાલના જવાબમાં જયરામ રમેશે કહ્યું કે, કોઈ તફાવત નથી. ટીએમસી અમારી સાથે નથી, તેમના પોતાના કારણો હશે, અમે તેના વિશે કંઈ કહીશું નહીં. એનસીપીએ EDને મોકલેલા પત્ર ઉપર હસ્તાક્ષર કર્યા નથી. તેણે પહેલા કહ્યું હતું કે, તે તેના સમર્થનમાં છે, કેટલીક મજબૂરીઓ છે, તે સહી કરી શકે તેમ નથી. ત્યાં ૧૬ પક્ષો છે, જેઓ સંયુક્તપણે જેપીસી (સંયુક્ત સંસદીય સમિતિ)ની માંગ કરી રહ્યા છે. જેપીસીની રચના કરવામાં વડાપ્રધાન કેમ ખચકાય છે. જો છૂપાવવા જેવું કંઈ ન હોય, ઈરાદો સ્પષ્ટ હોય તો વડાપ્રધાને જેપીસીની રચના કરવી જોઈએ. છેવટે આ જેપીસીમાં અધ્યક્ષ ભાજપના જ હશે, તેમના પક્ષના સભ્યોની સંખ્યા પણ વધુ હશે, તો પછી શાસક પક્ષ આટલો નર્વસ કેમ છે ? સંસદમાં મડાગાંઠ વચ્ચે કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે, બ્રિટનમાં આપેલા નિવેદનને લઈને થયેલા વિવાદને કારણે રાહુલ ગાંધીની ઈમેજ ઉપર પ્રતિકૂળ અસર થઈ છે, તમે શું કહો છો ? તેના જવાબમાં તેમણે કહ્યું કે, ભાજપ મુશ્કેલીમાં છે તે ઉથલપાથલમાં છે, કારણ કે, 'ભારત જોડો યાત્રા'ની સફળતાએ માત્ર કોંગ્રેસ પાર્ટીની જ નહીંપરંતુ રાહુલ ગાંધીની પણ ઈમેજમાં ધરખમ ફેરફાર લાવ્યો છે. આ સફર અમારા માટે અને અમારી સંસ્થા માટે 'બૂસ્ટર ડોઝ' સાબિત થઈ છે. લોકો રાહુલ ગાંધીજીને નવા અંદાજ અને શૈલીથી જોઈ રહ્યા છે. તેથી જ રાહુલ ગાંધી અને કોંગ્રેસને બદનામ કરવાનો આ પ્રયાસ ફરી કરવામાં આવી રહ્યો છે. આ ભાજપની રણનીતિ છે. રાહુલ ગાંધીએ લંડનમાં જે કહ્યું તેના સંદર્ભમાં ભાજપ કહે છે કે, તેમણે અમેરિકા અને યુરોપને ભારતમાં હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે ? રાહુલ ગાંધીના નિવેદનનો વીડિયો છે, તમે તેને સાંભળી અને જોઈ શકો છો. તેમણે ક્યારેય એવું કહ્યું નથી, ક્યારેય હસ્તક્ષેપ શબ્દનો ઉપયોગ કર્યો નથી. તેમણે એટલું જ કહ્યું કે, આપણા દેશમાં લોકશાહી મજબૂત હોવી જોઈએ, જો ભારતમાં લોકશાહી મજબૂત હશે તો માત્ર ભારતને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને ફાયદો થશે. જેઓ આરોપો લગાવી રહ્યા છે તેઓ સંપૂર્ણ રીતે જૂઠું બોલી રહ્યા છે. આ માત્ર ધ્યાન હટાવવાનો પ્રયાસ છે. રાહુલ ગાંધીએ ક્યારેય આવું નિવેદન આપ્યું નથી. ટીએમસી અને એસપી જેવા કેટલાક વિપક્ષી પક્ષો 'ત્રીજા મોરચા'ની તરફેણ કરી રહ્યા હોય તેવું લાગે છે, શું આ વિપક્ષી એકતા માટે ફટકો નથી ? તેના જવાબમાં તેમણે કહ્યું કે, ટીએમસી, સમાજવાદી પાર્ટી કે અન્ય પાર્ટીઓના લોકો મળતા રહેશે, ત્રીજો મોરચો, ચોથો મોરચો બનતો રહેશે, પરંતુ વિપક્ષમાં કોંગ્રેસ હોવી જરૂરી છે. જો કોઈ વિપક્ષી ગઠબંધન બનશે તો તેમાં કોંગ્રેસ મુખ્ય ભૂમિકા ભજવશે. કોંગ્રેસ વિના કોઈપણ મોરચો અશક્ય છે. પરંતુ, તેના વિશે વાત કરવી ખૂબ જ વહેલું છે. હવે કર્ણાટકની ચૂંટણી છે, ત્યારબાદ તેલંગાણા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને મિઝોરમની ચૂંટણી છે. આ વર્ષે અમે રાજયની વિધાનસભાની ચૂંટણીમાં સંપૂર્ણપણે વ્યસ્ત હોઈશું, અમે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી વિશે પછી જોઈશું. અત્યારે બેઠકો ચાલુ રહેશે, 'પોઝિશનિંગ' ચાલુ રહેશે કે હું ત્રીજો મોરચો કરીશ, હું ચોથો મોરચો કરીશ, હું પાંચમો મોરચો કરીશ, આ બધું ચાલતું રહેશે. 'ત્રીજા મોરચા'ની આ કવાયત અંગે કોંગ્રેસનું આગળનું પગલું શું હશે ? તેના જવાબમાં તેમણે કહ્યું કે, કોઈપણ વિપક્ષી ગઠબંધનમાં મજબૂત કોંગ્રેસ હોવી જરૂરી છે, પરંતુ અત્યારે કોંગ્રેસની પ્રાથમિકતા કર્ણાટકની ચૂંટણી અને પછી અન્ય રાજ્યોની ચૂંટણી છે. ૨૦૨૪ની ચૂંટણીને લઈને જે પણ રણનીતિ તૈયાર કરવાની છે, તે પક્ષો સાથે વાતચીત અમારા પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને અમારા વરિષ્ઠ નેતાઓ કરશે.

માઉન્ટ એવરેસ્ટના પર્વતારોહકોના શરીરના જંતુઓ સદીઓ સુધી અહીં સુષુપ્ત અવસ્થામાં સચવાઈ રહે છે

(એજન્સી) તા.૨૧

વિશ્વનો સૌથી ઊંચો પર્વત વિશ્વભરના રોક ક્લાઈમ્બર્સ દ્વારા સાહસ, રોમાંચ અને સાહસિક અભિયાનોના કેન્દ્રમાં રહ્યો છે. જો કે, આ પર્વતારોહકો આ ચઢાણ દરમ્યાન માત્ર તેમની કામ વિનાની સામગ્રી જ અહી છોડી જતાં નથી, પરંતુ કંઈક વધુ ગંભીર વસ્તુ પણ છોડી જાય છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માઉન્ટ એવરેસ્ટ ઉપર જ્યારે કોઈ વ્યક્તિને છીંક આવે છે અથવા ખાંસી આવે છે, ત્યારે સૂક્ષ્મજંતુઓ સદીઓ સુધી આ ઠંડક વાળા સ્થાનમા સચવાય રહે છે. સંશોધકોએ જણાવ્યું હતું કે પર્વતારોહકો સૂક્ષ્મજીવાણુઓનો વારસો પણ અહી છોડી જાય છે, જે ઉચ્ચ ઊંચાઈએ દાયકાઓ અથવા તો સદીઓ સુધી અહી સુષુપ્ત અવસ્થામાં રહે છે. આ અભ્યાસ એવરેસ્ટના નૈસર્ગિક, ઠંડા અનેનાજુક વાતાવરણ ઉપર ઝડપી પ્રવાસનની અસરને પ્રકાશિત કરે છે. આર્કટિક, એન્ટાર્કટિક અને આલ્પાઈન રિસર્ચમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવાયું છે કે પૃથ્વીના સૌથી ઊંચા પર્વતો પરના કાંપમાં જોવા મળતા સુક્ષ્મજીવો વિશે, તેઓ આ સપાટીઓ સુધી કેવી રીતે પહોંચે છે અને આવી અત્યંત ઊંચાઈએતેઓ કેવી રીતે ટકી રહે છે અને સક્રિય રહે છે તે વિશે આપણે ખૂબ જ ઓછું જાણીએ છીએ. તેમને જાણવા મળ્યું હતું કે આ સુક્ષ્મજીવાણુઓ મનુષ્યો દ્વારા છોડવામાં આવેલા લગભગદરેક જગ્યાએ હતા. આ ટીમે શોધી કાઢ્યું કે કેટલાક સૂક્ષ્મજીવાણુઓ વિકસિત થયા હોય તેવું લાગે છે. આ જીવાણુ સામાન્ય રીતે ગરમ અને ભીના વાતાવરણના સંપર્કમાં આવતા સક્રિય થાય છે, સંશોધન દર્શાવે છે કે અમુક સૂક્ષ્મજીવાણુઓએ અનુકૂલનક્ષમતા વિકસાવી છે અને આવી કઠોર પરિસ્થિતિઓમાં નિષ્ક્રિય સ્થિતિમાં ટકી રહે છે. પૃથ્વીના સૌથી ઊંચા પર્વત ઉપર વેધર સ્ટેશનની સ્થાપના કરવા માટે ૨૦૧૯માં એવરેસ્ટ ઉપર ગયેલા સંશોધકો દ્વારા માટીના નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા. જ્યારે તેઓને આ નમૂનાઓ મળ્યા, ત્યારે તેઓએ જમીનમાં લગભગ કોઈપણ જીવંત અથવા મૃત સુક્ષ્મજીવાણુઓના ડીએનએને ઓળખવા માટે જીનસિક્વન્સિંગ અને પરંપરાગત સંવર્ધન તકનીકોનો ઉપયોગ કર્યો હતો. સંશોધકોએ જણાવ્યું હતું કે

તેઓને મળેલા મોટાભાગના માઈક્રોબાયલ ડીએનએ સિક્વન્સ હાર્ડી અથવા એક્સ્ટ્રીમોફિલિક સજીવો જેવા હતા જે અગાઉ એન્ડીસ અને એન્ટાર્કટિકામાં અન્ય ઉચ્ચ-એલિવેશન સાઈટ્સમાં મળી આવ્યા હતા. જો કે, તેઓને કેટલાક જીવો માટે માઈક્રોબાયલ ડીએનએ પણ મળ્યાં છે જે માનવીઓ સાથે સંકળાયેલા છે, જેમાં સ્ટેફાયલોકોકસ, ચામડી અને નાકના સૌથી સામાન્ય બેક્ટેરિયા પૈકી એક સ્ટ્રેપ્ટોકોકસનો સમાવેશ થાય છે. સંશોધકોએ કહ્યું કે, તેઓ એવરેસ્ટ ઉપર તેની માઈક્રોસ્કોપિક અસર અને પર્યાવરણને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરવાની અપેક્ષા રાખતા નથી, તેઓએ કહ્યું કે, અમે અન્ય ગ્રહો અને ચંદ્ર ઉપર જીવન શોધી રહ્યા છીએ. આપણે પોતાની પૃતવીને દૂષિત ન કરીએ તેની ખાતરી કરવા માટે સાવચેત રહેવું પડશે.

પાછલા ત્રણ વર્ષમાં દહેજ, બળાત્કાર અને બળાત્કારના પ્રયાસની ફરિયાદોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે : સરકાર

નવી દિલ્હી તા.૨૧

કેન્દ્રીય મહિલા તેમજ બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે, પાછલા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય મહિલા પંચમાં દહેજ, બળાત્કાર અને બળાત્કારના પ્રયાસની ફરિયાદોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં મહિલા તેમજ બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ ડેટા આપ્યો જે મુજબ ૨૦૨૨માં દહેજની ૩૫૭ ફરિયાદો, ૨૦૨૧માં ૩૪૧ અને ૨૦૨૦માં ૩૩૦ ફરિયાદો મળી. ઈરાનીએ એક લેખિત જવાબમાં જણાવ્યું કે, "પાછલા ત્રણ વર્ષઅને ચાલુ વર્ષદરમ્યાન દહેજ અને બળાત્કારના પ્રયાસ શ્રેણીઓ હેઠળ પંચમાં નોંધવામાં આવેલ ફરિયાદોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે." આંકડાઓ મુજબ એનસીડબલ્યુને ૨૦૨૨માં બળાત્કાર અને બળાત્કારના પ્રયાસની ૧૭૧૦ ફરિયાદો, ૨૦૨૧માં ૧૬૮૧ અને ૨૦૨૦માં ૧૨૩૬ ફરિયાદો મળી. અન્ય એક પ્રશ્નના જવાબમાં ઈરાનીએ જણાવ્યું કે, આ વર્ષે જાન્યુઆરી સુધી ૨૮ રાજ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૪૧૧ અન્ય પોક્સો અદાલતો સહિત ૭૬૪ ફાસ્ટ ટ્રેક વિશેષ અદાલતો કામ કરી રહી હતી. જેમણે ૧,૪૪,૦૦૦થી વધુ મામલાનો ઉકેલ લાવ્યો છે. તેમણે જણાવ્યું કે આ અદાલતોમાં ૧,૯૮,૦૦૦થી વધુ મામલા અત્યારે પણ સ્થગિત છે.

ચીન સાથે હિમાલય ક્ષેત્રમાં સ્થિતિ "નાજુક, ખતરનાક" : જયશંકર

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સરહદ વિવાદ અંગે વિદેશમંત્રી એસ. જયશંકરે મોટું નિવેદન આપ્યું છે. તેમણે લદ્દાખના પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં ભારત અને ચીન વચ્ચેની સ્થિતિને 'નાજુક' અનો 'ખતરનાક' ગણાવી છે. એક કાર્યક્રમમાં જયશંકરે કહ્યું કે, લદ્દાખના કેટલાક વિસ્તારોમાં સૈન્ય દળો એકબીજાની તદ્દન નજીક તૈનાત છે. તેમણે કહ્યું કે, '૨૦૨૦ના મધ્યમાં ક્ષેત્રમાં બંને પક્ષોના સંઘર્ષમાં આપણા ૨૦ સૈનિક શહીદ થયા હતા જ્યારે ચીનના ૪૦ સૈનિકો માર્યા ગયા હતા અથવા ઘાયલ થયા હતા પરંતુ રાજદ્વારી અને સૈન્ય ચર્ચાના માધ્યમથી સ્થિતિને શાંત કરી દેવાઈ હતી. ડિસેમ્બરમાં બંને દેશો વચ્ચે અનિર્ણિત સરહદના પૂર્વ ક્ષેત્રમાં હિંસા ભડકી હતી પરંતુ કોઈનાં મોત થયા ના હતા. જયશંકરે કહ્યું કે, મારા વિચારે હજુ પણ સ્થિતિ ઘણી નાજુક છે કેમ કે એવા વિસ્તારો છે જ્યાં આપણી તૈનાતી અત્યંત નજીક છે અને સૈન્ય આકલન પણ ઘણું ખતરનાક છે. ભારત-ચીન સંબંધો ત્યાં સુધી સામાન્ય થઈ શકતા નથી જ્યાં સુધી સપ્ટેમ્બર ૨૦૨૦માં પોતાના ચીની સમકક્ષ સાથે થયેલી સૈદ્ધાંતિક સમજૂતી અનુસાર સરહદ વિવાદનું સમાધાન ના થાય. જયશંકરે એવું પણ કહ્યું કે, જો કે, અત્યારે બંને પક્ષોની સેનાઓ ઘણા વિસ્તારોમાંથી ખસી ગઈ છે અને વણઉકલ્યા પોઈન્ટ ઉપર ચર્ચા જારી છે. અમે ચીનાઓને સ્પષ્ટતા કરી દીધી છે કે, અમે શાંતિ ભંગ કરી શકતા નથી, તમે સમજૂતીનું ઉલ્લંઘન કરી શકતા નથી. તેમણે કહ્યું કે, આ મહિને ભારત દ્વારા જી-૨૦ દેશોના વિદેશમંત્રીઓની બેઠકથી ઇતર ચીનના નવા વિદેશમંત્રી કિન ગેંગ સાથે સ્થિતિ ઉપર ચર્ચા કરી હતી.

તમિલનાડુમાં પ્રવાસી શ્રમિકો ઉપર હુમલાનો નકલી વીડિયો શેર કરનાર બિહારના યુટ્યુબરની ધરપકડ

(એજન્સી) તા.૨૧

તમિલનાડુમાં બિહારીઓ વિરૂધ્ધ્ કથિત હિંસા અને મારપીટ મામલે ભ્રામક વીડિયો પ્રસારિત કરવાના આરોપી બનાવાયેલા યુટ્યુબર મનીષ કશ્યપે આત્મસમર્પણ કરી દીધું છે. તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેનું ઘર જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરાયા બાદ મનીષે જગદીશપુર પોલીસ સ્ટેશને સરેન્ડર કર્યું હતું. અહેવાલ અનુસાર મનીષને ઈકોનોમિક ઓફન્સ યુનિટ (ઈઓયુ)ને સોંપવામાં આવી રહ્યો છે. ઈઓયુ જ તેની પૂછપરછ કરશે. ઉલ્લેખનીય છે કે કોર્ટનો આદેશ મળ્યા બાદ અનેક પોલીસ સ્ટેશનેથી ટીમ કશ્યપના ઘરે તેનું ઘર જપ્ત કરવા પહોંચી હતી. તેના ઘર ઉપર બુલડોઝર પણ ફેરવાયું હતું અને ઘરનો સામાન પણ કબજે લઈ લેવાયો હતો. મનીષ કશ્યપનું ઘર બેતિયાના મઝૌલિયા પોલીસ સ્ટેશન હેઠળ આવતા મહના ડુમરી ગામમાં આવેલ છે. તેની સામે તમિલનાડુ ઉપરાંત બેતિયામાં ૭ ગુનાઈત કેસ દાખલ છે. તેમાંથી ૫ કેસમાં ચાર્જશીટ પણ ફાઈલ થઈ છે. મનીષે પટણા હાઈકોર્ટમાં જામીન માટે અરજી દાખલ કરી હતી. અરજી રદ થયા બાદ તે ફરાર થઈ ગયો હતો. અનેક મામલે પોલીસ તેને શોધી રહી હતી. તેણે તમિલનાડુમાં બિહારના રહેવાસીઓ ઉપર હુમલાનો ફેક વીડિયો બનાવી વાયરલ કર્યો હતો. આ મામલે તેની સામે ઈકોનોમિક ઓફન્સ યુનિટમાં બે ફરિયાદ દાખલ કરાઈ છે. જ્યારે ફેક ધરપકડ બતાવવા બદલ એક એફઆઈઆર દાખલ થઈ છે. આટલું જ નહીં મનીષ સામે સાત ક્રિમિનલ કેસ બેતિયાના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં દાખલ છે. પોલીસ પહેલાથી જ તેને શોધી રહી હતી.

ગુજરાત ટેકસટાઈલ પોલિસી ૨૦૧૨ અંતર્ગત કુલ ૧૩૭૪ એકમોને મંજૂરી સાથે ૩૫,૦૦૦ કરોડનું મૂડીરોકાણ

ગાંધીનગર, તા.૨૧

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે, ગુજરાત ટેકસટાઈલ પોલિસી ૨૦૧૨ અંતર્ગત કુલ ૧૩૭૪ એકમોને મંજૂરી આપવામાં આવી છે, આ એકમો અંતર્ગત ૩૫૦૦૦ છે જે અંતર્ગત ૮૧૬.૦૬ કરોડ રૂપિયાની સહાયની ચુકવણી કરવામાં આવી છે. આજ રીતે રાજકોટ જિલ્લામાં ૫૪૨ અરજી માં ૨૧૪.૧૦ કરોડ સહાયની ચુકવણી કરવામાં આવી છે. આ પોલીસી હેઠળ રાજકોટ જિલ્લામાં ૧૩૦ ખેડૂતોને સક્ષમ બનાવવા, રાજ્યમાં મૂલ્ય સાંકળને મજબૂત બનાવવી, મૂલ્ય વર્ધન અને ટેકનોલોજી સંપાદન કરી સુરતમાં ઉત્પાદિત થતો માનવ નિર્મિત અને કૃત્રિમ રેસા કાપડને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો, કરોડનું મૂડી રોકાણ આવેલ છે. આ પોલીસીથી ટેકસટાઈલ ક્ષેત્રે સંકળાયેલ એકમોને વિકાસ માટે વધુ તક મળી છે. અમદાવાદ તેમજ રાજકોટ જિલ્લામાં ટેકસટાઈલ એકમોમાં વેટ/એસ.જી.એસ.ટી.સહાયની ચુકવણી અંતર્ગત પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગ મંત્રી જણાવ્યું કે રાજયભરમાં ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમની સહાયની ચુકવણી કરવામાં આવી છે. ૩૧/૧૨/૨૦૨૨ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેકસટાઈલ પોલીસી ૨૦૧૨ હેઠળ ૧૧૬૬ દાવા અરજીઓ આવી એકમોને મંજૂરી આપવામાં આવી છે. જેનાથી ૨૩૩૦ કરોડનું મૂડી રોકાણ થયેલ છે. ઉદ્યોગ મંત્રીએ ગુજરાત ટેકસટાઈલ પોલિસીમાં સહાય સમયગાળા અંતર્ગત જણાવ્યું હતું કે ૫/૯/૧૨ થી ૪/૯/૧૭ સુધી અમલી હતો જેને એક વર્ષ વધુ વધારવામાં આવ્યો છે .હાલ આ પોલીસીમાં મંજૂર થયેલ એકમોમાં દાવાઓની ચૂકવણી ચાલુ છે. ગુજરાત ટેકસટાઈલ પોલિસી યોજનાના ઉદ્દેશ અંગે મંત્રીએ જણાવ્યું કે કપાસ ઉત્પાદન કરતા ખેડૂતોનો વિકાસ વધારવાનો, દેશ અને આંતરરાષ્ટ્રીય બજારમાં રૂ ના અનિશ્ચિત ભાવ વધઘટ સામે સ્પિનિંગના અભાવે રાજયના ખેડૂતો દ્વારા ઉત્પાદિત થતું રૂ દક્ષિણના રાજ્યોમાં મોકલવામાં આવતું પરંતુ રાજ્યના ટેકસટાઈલ પોલિસી ૨૦૧૨ નો ઉદ્દેશ ૨૫લાખથી વધુ સ્પિંડલ સ્થાપવાનો હતો જેની સામે ૪૬ લાખથી વધુ સ્પિંડલ સ્થાપિત કર્યા છે. ગુજરાત ટેકસટાઈલ પોલિસી ૨૦૧૨ અને ૨૦૧૯ વચ્ચેના તફાવત અંતર્ગત ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું કે અગાઉ એટલે કે ૨૦૧૨માં એમ .એસ .એમ .ઈ .એકમોને પાંચ વર્ષ માટે પાંચ ટકા લેખે વ્યાજ સહાય હતી જે હવે ૬ ટકા, ૨૦૧૨ માંમાત્ર વિવિંગ અને સ્પિનિંગ એકમો માટે પાંચ વર્ષ માટે એક રૂપિયો પ્રતિ યુનિટ ની સહાય હતી હવે એલ.ટી .પાવર કનેકશનમાં ત્રણ પ્રતિ યુનિટ તેમજ એચ.ડી પાવર કનેક્શનમાં રૂપિયા બે પ્રતિ યુનિટ સહાય, ૨૦૧૨માં પર્યાવરણ સંરક્ષણ ના અનુપાલન માટે ચાલુ એકમોને ૫૦ટકા સુધી અને વધુમાં વધુ ૫૦,૦૦૦ ની મર્યાદાની સહાય હતી હવે ૫૦ટકાની મર્યાદામાં એક લાખની સહાય તેમજ સાધનોની કિંમતના ૨૦ટકાઅને મહત્તમ ૩૦લાખની સહાય તેમજ ૨૦૧૨માં ટેકસટાઈલ પાર્કની સ્થાપના માટે ૧૦ કરોડની મર્યાદામાં સહાય આપવામાં આવતી હતી જે હવે પંદર કરોડની સહાય ઉપરાંત કામદારોના છાત્રાલય બનાવવા માટે રૂપિયા ૭.૫ કરોડ સુધીની સહાય આપવામાં આવે છે.

હવામાન વિભાગની માવઠા અંગે આગાહી

રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદી માહોલ રહેશે

કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર પોરબંદર અને જૂનાગઢમાં સામાન્ય વરસાદ થશે

અમદાવાદ, તા.૨૧

સાઈક્લોનિકસરક્યુલેશનની અસરના કારણે રાજયના વાતાવરણ પલટો આવ્યો છે. છેલ્લા ૫ દિવસથી રાજયના અલગ-અલગ વિસ્તારમાં ગાજવીજ અને ભારે પવન સાથે સામાન્ય વરસાદ અને કરા પડી રહ્યા છે. અને ખેડુતોને નુકસાન થઈ રહ્યુ છે. અને બેવડી ઋતુની અસર લોકોના સ્વાસ્થય ઉપર પણ થઈ રહી છે. હજી પણ માવઠુ પીછો છોડવાનુ નથી. હવામાન વિભાગે આગાહી કરી છે. કે સાઈક્લોનિક સરક્યુલેશનની અસરના કારણે કમોસમી વરસાદ યથાવેત રહેશે. આગામી ૫ દિવસ વાતાવરણ યથાવત રહેશે. રાજયના અમુક ભાગમાં ભારે પવન અને ગાજવીજ સાથે કે સામાન્ય વરસાદ થવાની વકી છે. કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર પોરબંદર અને જુનાગઢમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થશે. ૨૧ માર્ચે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, કચ્છમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થશે. ૨૨ માર્ચના બનાસકાંઠા, સાબરકાંઠા, જામનગર, પરોબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, કચ્છમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થશે. ૨૩ માર્ચના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, જામનગર, પરોબંદર, જુનાગઢ, અમરેલી, ભાનવગર, દ્વારકા, ગીર સોમનાથ, કચ્છમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થશે. કમોસમી વરસાદથી લોકો કંટાળી ગયા છે. અને હવે માવઠાના મારથી ક્યારે છુટકારો મળશે તેની રાહ જોઈ રહ્યા છે. પરંતુ આગાહી ૫ દિવસ વાતાવરણ યથાવત રહેવાનું અનુમાન છે.

સિંગાપોરના ચાંગી એરપોર્ટને ૧૨મી વખત વિશ્વના સર્વશ્રેષ્ઠ એરપોર્ટનો ખિતાબ મળ્યો ! ૨૦૨૩ માટે ટોચના સ્થાનના ૨૦ એરપોર્ટની યાદી

(એજન્સી) તા.૨૧

સિંગાપોરના ચાંગી એરપોર્ટને ફરી એકવાર વિશ્વના શ્રેષ્ઠ એરપોર્ટનો ખિતાબ જાળવી રાખ્યો છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, સ્કાયટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ્સ ૨૦૨૩માં દોહાનું હમાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ બીજા સ્થાને હતું જ્યારે ટોક્યોનું હનેદા એરપોર્ટ ત્રીજા સ્થાને આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૧૨મી વખત સિંગાપોરના ચાંગીએ વિશ્વના શ્રેષ્ઠ એરપોર્ટનો ખિતાબ મેળવ્યો છે. ચાંગી એરપોર્ટ ગ્રુપના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર લી સીઓહિયાંગે નિવેદનમાં કહ્યું છે કે, ચાંગી એરપોર્ટને બારમી વખત વિશ્વનું શ્રેષ્ઠ એરપોર્ટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર આપણા એરપોર્ટ સમુદાય માટે એક ભવ્ય પ્રોત્સાહન છે અને છેલ્લાં બે

વર્ષમાં કોવિડ-૧૯ના પડકારો સામે અમે મક્કમતાથી લડત આપી છે. દ સ્કાયટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ્સ એ ગ્રાહકના સંતોષ અને તેમની સેવાઓના સર્વેક્ષણના આધારે નક્કી કરવામાં આવે છે.

વિશ્વના ૨૦ શ્રેષ્ઠ એરપોર્ટની યાદી

૧. સિંગાપોર ચાંગી, ૨. દોહા હમદ, ૩. ટોક્યો હેનેડા, ૪. સિઓલ ઈંચિયોન, ૫. પેરિસ ચાર્લ્સ ડી ગાલે, ૬. ઈસ્તાંબુલ, ૭. મ્યુનિક, ૮. ઝુરિચ, ૯. ટોક્યો નારીતા, ૧૦. મેડ્રિડ બરાજાસ, ૧૧. વિયેના, ૧૨. હેલસિંકીવાંતા, ૧૩. રોમ, ૧૪. કોપનહેગન, ૧૫. કંસાઈ, ૧૬. સેન્ટ્રેર નાગોયા, ૧૭. દુબઈ, ૧૮. સિએટલ-ટાકોમા, ૧૯. મેલબોર્ન, ૨૦. વાનકુવર.

જૂનાગઢમાં સિન્ધી સમાજ દ્વારા શોભાયાત્રા સાથે ચેટીચંડની ઉત્સાહભેર ઉજવણી થશે

જૂનાગઢ તા.૨૧

સિન્ધી નૂતન વર્ષ ચૈત્ર સુદ-૨ ચેટીચંડ તા.૨૩-૩-૨૩ ને ગુરૂવારથી શરૂ થાય છે.જે સિન્ધી નેશનલ ડેતરીકે ઉજવવામાં આવે છે. ઝુલેલાલ સેવા ટ્રસ્ટ ફુલીયા હનુમાન રોડ,જૂનાગઢ દ્વારા છેલ્લા ૪૮ વર્ષથી કોઈપણ જાતના ફંડ કે ફાળા વગર આ ઉત્સાવનું આયોજન કરવામાં આવે છે. આ ઉત્સવમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સૌરાષ્ટ્રના તમામ નાના-મોટા શહેરો જેવા કે વંથલી, માણાવદર, બાંટવા, કુતિયાણા, રાણાવાવ, પોરબંદર, ધોરાજી, ઉપલેટા, અમરેલી, ધારી, જેતપુર, ગોંડલ, રાજકોટ, જામનગર, માળીયા હાટીના, કેશોદ, વેરાવળ, તાલાળા, કોડીનાર,મેંદરડા તથા જૂનાગઢના બહીરાણા તથા ઝાંકીઓ ભાગ લેશે. આ પ્રસંગે તા.૨૪-૩-૨૩ને શુક્રવારે બપોરે ૩ કલાકે જૂનાગઢ રેલ્વે સ્ટેશન ખાતેથી શોભાયાત્રા શરૂ થશે. જેમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જૂનાગઢ જીલ્લા કલેકટર રચિત રાજ, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી, કમિશ્નર રાજેશ તન્ના, ડીયાયએસપી હિતેષ ધાંધલીયા, મેયર ગીતાબેન પરમાર, કોર્પોરેટર કિશોર અજવાણી, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, સંત મુલણશાહ પોરબંદરવાળા તથા સિન્ધી રીયાસત પંચાયતના અગ્રણી એમ.એન. લાલવાણી તથા સિન્ધી સમાજના અગ્રણીઓ હાજર રહેશે. આ શોભાયાત્રા રેલ્વે સ્ટેશનથી શરૂ થઈ સુખનાથ ચોક, સંઘાડીયા બજાર, સર્કલ ચોક, માલીવાડા રોડ, એમ.જી. રોડ, કાળવા ચોક, જવાહર રોડ, રાધાનગર થઈ દામોદરકુંડ પહોંચશે. જયાં પૂ.ઝુલેલાલ સાહેબની જયોત પધરાવવામાં આવશે. ઝુલેલાલ સેવા મંડળ તથા સમસ્ત સિન્ધી સમાજ તરફથી તમામ સિન્ધી સમાજના ભાઈઓને તા.૨૪-૩-૨૩ ને શુક્રવારે બપોરે ૧ કલાકે પોતાના વેપાર-ધંધા બંધ રાખી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ઝુલેલાલ સેવા મંડળની યાદીમાં અપીલ કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર કટીબદ્ધ

માણાવદરના નાકરા ગામના અનુસૂચિત જાતિના ચાર ખેડૂતોએ ટ્રેકટર સહાયનો લાભ લીધો

રાજ્ય સરકારની કલ્યાણકારી કૃષિ યોજનાનો લાભ લેતા સીમાંત ખેડૂતો, ટ્રેકટર થકી ખેતી કરવી સરળ બની : ખેડૂત કરશનભાઇ દાફડા

જૂનાગઢ તા.૨૧

ખેડૂતો કૃષિ ક્ષેત્રના અદ્યતન જ્ઞાનથી વાકેફ થાય સાથેજ નવીન ટેકનોલોજી અપનાવે તે માટે રાજ્યસરકાર દ્વારા નવા આયોમો ઉભા કરવામાં આવ્યાં છે. જેમાં કૃષિ ક્ષેત્રના અદ્યતન ઓજારો ખરીદવા માટે સહાય આપી રહી છે. સાથે જ ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવાની પ્રધાનમંત્રી મોદીની નેમ સાકાર કરવા માટે ખેતિ ખર્ચમાં ઘટાડોથાય તે માટે રાજ્ય સરકાર ટ્રેકટર ખરીદી ઉપર રૂ. ૪૫ હજારની સહાય આપી રહી છે. ખાસ કરીને અનુસૂચિત જાતિના ખેડૂતો પણ અદ્યતન કૃષિ સાધનો મેળવી સરળતાથી ખેતિ કાર્યકરી શકે તેમાટે વિશેષ ભાર આપવામાંઆવી રહ્યોછે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોના ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર કટીબદ્ધ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના ખેડૂતોને સરકારી સહાયનો લાભ આપવામાં આવી રહ્યો છે. માણાવદર તાલુકાના નાકરા ગામમાં રહેતા અને સીમાંત ખેડૂતોને કૃષિલક્ષી કલ્યાણકારી યોજનાનોપુરતો લાભઆપવામાં આવી રહ્યો છે. નાકરા ગામના અનુસૂચિત જાતિના ચાર ખેડૂતોને ટ્રેકટર ખરીદવા માટે રૂ. ૪૫ હજારનીપ્રાપ્ત થઈ છે. જેથી આજે તેમનો શ્રમ ઓછો થવાની સાથે તેમનો ખેતિ ખર્ચ ઘટ્યો છે. નાકરા ગામના ખેડૂત કરશનભાઈ દાફડા, મેઘજીભાઈ દાફડા, પુજાભાઈ રાઠોડ અને ગોકરભાઈ પરમાર સહિતના ખેડૂતોએ રાજ્ય સરકારની કલ્યાણકારી કૃષિ યોજનામાં ટ્રેકટરની સહાયનો લાભ લીધોછે. જેમાં ખેડૂત કરશનભાઈ દાફદાએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, મારે ૧૦ વીઘા જેટલી જમીન છે. સીમાંત ખેડૂત છું. હું અને મારો પરિવાર ખેતી ઉપર જ નિર્ભર છે. ખેતી કરી ગુજરાત ચલાવીએ છીએ, ખેતીમાં સરળતા રહે તે માટે ટ્રેકટર લેવું હતું. ત્યારે રાજ્ય સરકારની કૃષિલક્ષી કલ્યાણકારી યોજનાઓની માહિતી મળી હતી. જેમાં ટ્રેકટર સહાય માટે ઓનલાઈન અરજી કરી હતી જે મંજૂર થતા જ રૂા.૪૫,૦૦૦ની સહાય મળી છે. ટ્રેકટર હમે લીધું હોવાથી આ રૂા.૪૫,૦૦૦ની રકમથી જ પ્રથમ બેહપ્તા ભરાઈ ગયા છે. આજે ખેડૂતો આધુનિક ખેતી તરફ વળ્યા છે. અને ખેતી સરળતાથી થઈ શકે તે માટે ખેડૂતો ટ્રેકટર ઉપર નિર્ભર બન્યા છે. આથી તેમાં સરકાર મદદ કરી રહી છે. તે ખેડૂતો માટે લાભદાયીક છે. આજે અમારા ગામમાં અમારા સમાજના ચાર ખેડૂતોએ ટ્રેકટર લીધા છે. તે તમામ ખેડૂતોને ટ્રેકટર સહાયનો લાભ મળ્યો છે. જેથી ગુજરાત સરકારનો આભાર કે, સીમાંત ખેડૂતોનું ધ્યાન રાખી સહાય આપવામાંઆવે છે. તેમણે વધુમાંજણાવ્યુંહતું કે, ખેતી કરવા માટે પહેલા બળદ રાખવામાં આવતા હવે ટ્રેકટર દ્વારા ખેતી કરવી સરળ બની છે. અને ખાસ કરીને આધુનિક ખેતી માટે ટ્રેકટર આવશ્યક છે. આથી હવે ટ્રેકટર લેવામાં પણ સરકાર સહાય આપે છે તે ખેડૂતો માટે આશીર્વાદ રૂપ છે.

દિલ્હીમાં સુફી સંવાદ મહાઅભિયાનની બેઠક યોજાઈ

દેશનો નાનામાં નાનો સમાજ વિકાસમાં જોડાય તેના માટે ગીર સોમનાથ જીલ્લામાંથી અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશની વિકાસ યાત્રામાં દેશના નાનામાં નાનો સમાજ લાભ લઈ અને વિકાસમાં જોડાય તેના માટે દેશભરના સૂફી સંવાદ મહા અભિયાનની પ્રથમ બેઠક દિલ્હી ખાતે યોજાયેલ હતી. જેમાં ગુજરાતમાંથી સૈયદ જેનુમિયાં બાપુ, મુનવ્વરઅલી, મહંમદભાઈ તવાણી, હાજી કાદર પંજા (એલ.કે.એલ.) સહીતના ગીર સોમનાથ જીલ્લામાંથી આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. સૂફી વિચારધારાના લોકોને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે જોડવા ભાજપ રાષ્ટ્રીય લઘુમતી મોર્ચા દિલ્હીના મુખ્ય કાર્યાલય ખાતે સૂફી સંવાદ મહાઅભિયાનની પ્રથમ બેઠકને સંબોધિત કરી સંવાદ દ્વારા ગરીબ કલ્યાણ કાર્યક્રમ છેલ્લા માણસ સુધી સમાજનો સંવાદ બેઠકમાં પહોંચવાનું કાર્ય મોર્ચા કરશે.

વધુમાં લઘુમતી મોર્ચાના પ્રભારી પુરંદેશ્વરી, લઘુમતી રાજ્ય મંત્રી, ભારત સરકાર, જોન બાર્લા, પ્રમુખ, જમાલ સિદ્દીકી, સૂફી ગાયક અને સંસદ સભ્ય હંસરાજ હંસ, હજ કમિટિ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અબ્દુલ્લા કુટ્ટી, જનરલ સેક્રેટરી સૂફી એમ.કે.ચિશ્તીએ ઉદબોધન કરી લઘુમતી સમાજને પણ સરકારની દરેક યોજનાઓનો લાભ મળે તે દિશામાં કામ કરવા જણાવેલ હતું. ગુજરાત ભાજપ લઘુમતી મોર્ચાના પ્રમુખ ડો.મોહસીન લોખંડવાલા, મહામંત્રી નાહીન કાજી જેનુલઆબિદીન, મહંમદભાઈ તવાણીના માર્ગદર્શન હેઠળ કમીટીમાં ગુજરાતમાંથી માર્ગદર્શક અને નવનિયુક્ત કન્વીનર સૈયદ જેનુમિયાં બાપુ, મુનવ્વરઅલી અને ગીર સોમનાથ જિલ્લામાંથી વેરાવળના હાજી કાદર પંજા (એલ.કે.એલ.) ની નિયુક્તિ કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

ભરણપોષણ નહિં ચુકવનાર પતિને જેલની સજા ફરમાવતી ફેમીલી કોર્ટ

જૂનાગઢ તા. ૨૧

પત્નીના ભરણપોષણના કેસમાં ચડત રકમ રૂા.૧,૦૧,૦૦૦ પતિએ નહિ ચુકવતા ૭૫૦ દિવસની જેલની સજા કરતો હુકમ જૂનાગઢની ફેમીલી કોર્ટે કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, અરજદાર મીરાબેન પટેલે તેના પતિ દેવાંગભાઈ વેલજીભાઈ પટેલ સામે ભરણપોષણનો કેસ જૂનાગઢની ફેમીલી કોર્ટમાં દાખલ કરેલ હતો જે કેસ ચાલી જતા અરજદાર પત્નીને રૂા.૪૦૦૦ માસિક ભરણપોષણ મંજુર કરવામાં આવેલ હતું. જે અંગે ચડત રકમ વસુલ મેળવવા ફેમીલી કોર્ટમાં અરજદાર મીરાબેને અરજી કરતા સદરહું રકમ ન ચુકવતા તેમના પતિ દેવાંગભાઈ વેલજીભાઈ પટેલને ૭૫૦ દિવસની કેદની સજાનો હુકમ જૂનાગઢ ફેમીલી કોર્ટે કરલ છે.

બીજા એક કેસમાં સરોજબેન નરભેરામે તેના પતિ સામે કોર્ટના હુકમ મુજબ માસિક રૂા.૮૦૦૦ લેખે પોતાના તથા સગીર સંતાનોના ચડત ભરણપોષણની રકમ રૂા.૧,૫૧,૦૦૦ વસુલ મેળવવા અરજી દાખલ કરતા જે અરજી મુજબની રકમ સામાવાળા તેમના પતિ પરેશભાઈ પંડયાને પદર દિવસની જેલની સજાનો હુકમ કરેલ છે. આ બંને કેસોમાં જૂનાગઢના એડવોકેટ મનોજભાઈ શુકલ, અમિત શુકલ તથા નવિનચંદ્ર શુકલ રોકાયેલા હતા.

એસટી જીવદયા ગ્રુપ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ

જૂનાગઢ તા. ૨૧

ગઈકાલે ૨૦ માર્ચ એટલે વિશ્વ ચકલી દિવસની એસટી જીવદયા ગ્રુપ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ તકે જૂનાગઢ એસટી ડેપોના મેનેજર, કર્મચારી મંડળના પ્રમુખ, બી.એમ.એસ.ના હોદેદારો તથા કર્મચારીઓએ હાજરી આપી હતી અને લુપ્ત થતી ચકલીને બચાવવા માટે પોત પોતાના ઘરે ચકલીનો માળો અને પાણીનું કુંડું મુકવાની પ્રતિજ્ઞા લીધેલ છે. આ તકે એસટી જીવદયા ગ્રુપ સર્વેનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ હતો.

(તસ્વીર : જયેશ મહેતા)

ઉનામાં વિહિપ અને બજરંગદળ દ્વારા ત્રિશુલ દિક્ષા કાર્યક્રમ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૨૧

ગઈકાલતા.૧૯/૩/૨૦૨૩ ના રોજ પ્રચંડ તોફાનિ ગાજવીજ,જોરદાર પવન અને વરસાદના વિઘ્નને પાર પાડીને વિશ્વહિન્દુપરિષદ, બજરંગદળ ઉના પ્રખન્ડ દ્વારા ભવ્ય ત્રિશુલ દીક્ષા અનેબજરંગી ભાઈઓદ્વારા શૌર્ય પથ સંચાલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બીએપીએસ સંસ્થા ઉનાના મુખ્ય મહંત અખંડમંગલ સ્વામી, આનંદગઢ ગુરૂકુળના મુખ્ય મહંત શ્રી હરિવદન સ્વામી, વિહિપ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્રભાઈ ભવાની અને ઉના નગરના આગેવાનો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું સંચાલન વિહિપ જિલ્લા સહ મંત્રી નીપુલભાઈ શાહ દ્વારા કરવા માં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લાના અધ્યક્ષ રામજીભાઈ પરમાર, જિલ્લા સહમંત્રી નીપુલભાઈ શાહ, જિલ્લા સંયોજક પાર્થ રૂપારેલ, પ્રખંડ અધ્યક્ષ યશવંત બાંભણીયા, પ્રખંડ સંયોજક ભાવેશ સાંખટ, જયેશ આહીર, રવી બાંભણીયા, સાથે અસંખ્ય કાર્યકર્તાએ ખુબ મહેનત કરી બે મહિનાથી સતત ગામડે ગામડે ફરી યુવાનોને જોડી અંદાજિત ૧૫૦૦ યુવાનોને ત્રિશુલ દીક્ષા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પધારેલ દરેક લોકોનો વિહિપ પરિવારે હાર્દિક આભાર માનેલ હતો.

ઉના ગીરગઢડા તાલુકામાં ગાજવીજ, ભારે પવન અને કરા સાથે કમોસમી વરસાદથી ઉભા પાકને ભારે નુકશાન

જાતના તાત ઉપર આફત, આખા વર્ષની મહેનત ધોવાઈ ગઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૨૧

ઉના ગીરગઢડા બન્ને તાલુકામાં એકા એક મોસમમાં પલટો આવતાં વિજળીના કડાકા ભડાકા સાથે ઉના શહેર, સામતેર, સનખડા, ગાંગડા, કાણકબડા, મોઠા, ગરાળ, ભાચા, ખત્રીવાડા, રામેશ્વર, ભડીયાદર, ભાચા, વાજડી, મેણ, ગુંદાળા, ચાંચકવડ, કંસારી, વાવરડા, ઉમેજ, નાઠેજ, યાજપુર, કાંધી, અંબાડા,પડા, સીમર, સૈયદ રાજપરા, તેમજગીર ગઢડા તાલુકાના બેડિયા નીતલી વડલી ચિખલકુબા, મોલી સહિત નાનાં સમઢિયાળા ધોકડવા અંબાડા ઉગલા પડા શાણાવાકીયા તેમજ ગીર જંગલમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ સાથે કરા પડયા હતા. કમોસમી વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાતા તળાવ જેવા દ્રશ્યો જોવા મળેલ હતા. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વહેતા જોવા મળ્યા હતા. અનેઠેર ઠેરના ખાબોચ્યા ભરાઈ ગયા હતા.

વરસાદને પગલે સમગ્ર પંથક ઠંડુગાર બની ગયેલ હતું. ઉનાના તપાવન વાડી વિસ્તારમાં તેમજ ગરાળ, મોઠા, નીતલી સહીતની અમુક ગામોમાં વરસાદ સાથે કરા પણ પડયા હતા. ખેડૂતોનાંખેતરોમાં પાણી ભરાયા હતા. તેમજ નદી નાળા પણ વહેતા થઈગયાંહતાં. આઉપરાંત તૈયાર પાક ઢળી ગયો હતો, અને ખેતરમાં પડેલ તૈયાર પાકને તાડપત્રી ઢાંકી બચાવવાનોપ્રયાસ પણ ધરતીપુત્રોએ કર્યો હતો. અનરાધાર કરા સાથે કમોસમી વરસાદ પડવાથી ખેડૂતો પાયમાલ થઈ ગયા છે.

બે વર્ષ પહેલા તાઉતે વાવાઝોડાથી આંબાવાડીઓને નુકસાન થયું હતું. જયારે બાગાયતી ખેતીમાં કોસમી વરસાદથી ઉના તાલુકાના ગરાળ સહીતના (૨૦) થી વધુ ગામોમાં કેરીનાં પાકમાં વ્યાપક પ્રમાણમાં નુકશાન થયેલ છે. ગઈકાલે બપોર બાદ કમોસમી વરસાદને કારણે લાખોની નુકશાની આંબા ઉપર મોર અને ખાખડી ખરી જતા કેસર કેરીનાં પાકમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. ત્યારે ફરી રવિવારે માવઠુ થતા કેરી ઉત્પાદકોને આર્થિક ફટકો પડ્યો હતો. ખેડૂતો નાં ખેતરમાં ઉભેલા તૈયાર પાક ઘઉં, ચણા, દુંગળી,તલ, બાજરી,જુવાર, સહિત પાકો કોસમી વરસાદથી પલળી જતા વ્યાપક પ્રમાણમાં ખેડૂતો ને નુકસાન થયું હતું માલ ઢોર માટે રાખવામાં આવેલ ઘાસ ચારો પલળી ગયો ઊના-ગીરગઢડા પંથકમાં ૧થી ૪ ઈંચ વરસાદ પડતા પાતાપરના મહિલા સરપંચ અરૂણાબેન છોડવડીયાએ સર્વે કરી વળતર ચૂકવવાની સરકાર પાસે માંગ કરી છે. ખેતી પાક ઉપરાંત તેમજ ઊના તાલુકાનું સનખડા ગામ મરચાનું હબ ગણવામાં આવે છે સનખડામાં મરચા પાણીમાં તરતા જોવા મળ્યા હતા. અંદાજે ૫૦ જેટલા મરચાના દંગા લગાવામાં આવતા હોય છે. અને લોકો દૂર દૂરથી મરચાની ખરીદી કરવા સનખડા આવતા હોય છે. ત્યારે આજના કમોસમી વરસાદે મરચાની તિખાશ છીનવી લીધી હોય તેમ ટનના મોઢે મરચા પાણીમાં તરતા જોવા મળ્યા હતા. ત્યારે સનખડામાં ખુલ્લામાં મરચાંનું પીઠું ચલાવતા વેપારીઓને લાખો રૂપિયાની નુકસાની વેઠવાનો વખત આવ્યો હતો. અને દરિયાઈ કાંઠા વિસ્તારના માછીમારોને પણ વરસાદના કારણે લાખોનું ભારે નુકશાન થયેલ હોય ત્યારે ખેડૂતો સરકાર પાસેથી વળતરની આશા અપેક્ષા રાખી રહ્યા છે તેમજ સરકાર દ્વારા સહાય ચુકવવા

ચૈત્ર નવરાત્રીમાં માતાજી નૈકામાં સવાર થઈને આવશે જે શુભ ફળદાયક છે

ચૈત્ર સુદ એકમ ને બુધવાર તા. ૨૨-૩-૨૩ ના દિવસથી ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થશે. આ વર્ષે ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ બુધવારે થતો હોવાથી માતાજી નૈકામાં સવાર થઈને પધારશે જે શુભ ફળદાયી માનવામાં આવે છે. લોકોની સુખાકારીમાં વધારો થાય.

ઘટ્ટ સ્થાપના મુહુર્ત

ચૈત્ર સુદ એકમ નેબુધવારે સવારે ચોઘડીયા પ્રમાણે લાભ ૬.૫૧ થી ૮.૨૧, અમૃત ૮.૨૧થી ૯.૫૨, સવારના સમયે ઘટ્ટ સ્થાપન કરવી ઉત્તમ ગણાય છે. આ વર્ષે ચૈત્ર નવરાત્રીમાં નવ નોરતા પુરા છે. તિથીમાં વધઘટ નથી, આ પણ શુભ ગણાય છે. ચૈત્ર નવરાત્રીને રામનવમી પણ કહેવામાં આવે છે.

ચૈત્ર નવરાત્રી દરમ્યાન કુળદેવીના મંત્ર જાપ કરવા મા આનંદનો ગરબો બોલવો, ઉવાર્ણ મંત્ર ઓમ ઐં ક્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચે આ મંત્ર જપ કરવા પણ ઉત્તમ ફળદાયી રહેશે. આ ઉપરાંત આ નવ દિવસો દરમ્યાન શ્રી રામચરીત્ર માનસના પાઠ કરવા સુંદર કાંડના પાઠ કરવા પણ ઉત્તમ ફળ દાયક છે.

નવ દિવસ દુર્ગા પૂજા તથા નૈવેદ્યની વિગતમાં નવદુર્ગા માતાજીની છબી સામે દીવો કરી માતાજીને ચાંદલો, ચોખા કરી નવેય દિવસ આ પ્રકારે નૈવેદ્ય કરી શકાય છે.

(૧) બુધવારે તા.૨૨-૩-૨૩ પહેલા નોરતે મા શૈલપુત્રીની પૂજા માતાજીને ગાયના દુધ તથા ઘી થી બનેલ મીઠાઈ ધરાવી સિધ્ધની પ્રાપ્તિ થશે.

(૨) ગુરૂવાર તા.૨૩-૩-૨૩ ને બીજા નોરતે મા બ્રહ્મચારીણીની પૂજા, આ દિવસે માતાજીનો સાકર ધરવી, તપ, ત્યાગ અને સંયમની પ્રાપ્તિ થશે.

(૩) શુક્રવાર તા.૨૪-૩-૨૩ ત્રીજા નોરતે મા ચંદ્રઘટાની પૂજા આ દિવસે માતાજીને માવાના પેંડા ધરવા, ધન અને વૈભવની પ્રાપ્તિ થાય છે.

(૪) શનિવાર તા.૨૫-૩-૨૩ ચોથા નોરતે મા કુષ્ટમાંડાની પૂજા, માતાજીને માલપુવા અથવા બોર ધરવા, બુધ્ધીશક્તિમાં વધારો થશે.

(૫) રવિવારે તા.૨૬-૩-૨૩ પાંચમાં નોરતે માં સ્કંદમાતાની પૂજા, માતાજીને દુધપાક ધરવો, શારીરિક પીડા દુર થશે.

(૬) સોમવાર તા.૨૭-૩-૨૩ છઠ્ઠા નોરતે મા કાત્યાયની પૂજન, માતાજીને દુધમાંથી બનેલ પેંડા તથા બંગળી, ચાંદલાનું પેકેટ ધરવું, દાંમ્પત્યજીવનમાં સુખ વધશે અને વિવાહ ઈચ્છુકને વિવાહ યોગની પ્રાપ્તિ થશે.

(૭) મંગળવાર તા.૨૮-૩-૨૩ સાતમાં નોરતે મા કાલરાત્રીની પૂજા, માતાજીને ગોળમાંથી બનેલ વાનગી ધરાવી, જીવનમાં રક્ષા થશે.

(૮) બુધવાર તા.૨૯-૩-૨૩ આઠમાં નોરતે માં મહાગૌરીની પૂજા નૈવેદ્યમાં માતાજીને નાળીયેર અર્પણ કરવું, મનની મનોકામના પુર્ણ થશે.

(૯) ગુરૂવાર તા.૩૦-૩-૨૩ નવમાં નોરતે મા સિધ્ધીદાત્રીની પૂજા, માતાજીને દુધીનો હલવો, પુરી ધરવા, જીવનમાં સુખ-શાંતિમાં વધારો થશે.

ચૈત્ર નવરાત્રી દરમ્યાન આવનારા શુભ દિવસોની યાદી

ચૈત્ર સુદ પાંચમ ને રવિવાર તા.૨૬-૩-૨૩ ના દિવસે શ્રીપંચમો છે લક્ષ્મીપંચમી છે. શ્રીયંત્રની પૂજા કરવી. સોમવારે તા.૨૭-૩-૨૩ ના દિવસે અમૃત સિધ્ધયોગ બપોરે ૩.૨૭થી આખી રાત્રી સુધી છે તથા તા.૨૯ બુધવારે મા ભવાની પ્રાગટય ગુરૂવારે તા.૩૦-૩-૨૩ રામનવમીના દિવસે ચૈત્ર નવરાત્રી પુરા થશે.

-શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

ભગવાન દ્વારકાધીશ પ્રત્યેના પ્રેમ તથા શ્રદ્ધાને લઈ

ઉલટા પગે ચાલીને આવતા વાલાભાઈ લાખાભાઈ ગઢવી દ્વારકાધીશના મંદિરે પહોંચ્યા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૧

ગુજરાતના ગોધરા ચારણ સમાજનું ગૌરવ એવા ચારણ વાલાભાઈ લાખાભઈ ગઢવીએ સમગ્ર ભારતના કલ્યાણ માટે તથા બધા જ દેશવાસીઓ માટે દ્વારકાધીશના દર્શન કરવા ઉલટા પગલે ચાલીને ૬૨૫ કી,મી અંતર કાપી ગોધરા તાલુકાના નરસીપૂર ગામથી અખીલ બ્રહ્માંડના માલિક જગતના નાથ એવા દ્વારકાધીશના દર્શન કરવા તથા સર્વ જગતના કલ્યાણ અર્થે ઉલટા પગલે ચાલીને દ્વારકા પહોંચ્યા જેવો એક મહિના અને એક દિવસથી સતત ઉલ્ટાપગે ચાલીને તેઓની આ યાત્રા પૂર્ણ કરી રહ્યા છે.

વાલાભાઈ લાખાભાઈ ગઢવીએ ગોધરા તાલુકાના નરસીપૂર ગામથી દ્વારકાધીશના આદેશથી પોતાના ગામથી ઉલ્ટાપગે ચાલી કોરોના કાળમાં મૃત્યુ પામેલા લોકો અને ગૌમાતાના મૌત થયેલ હોય તેઓ ભારતના કલ્યાણ અર્થે તેઓ ઉલ્ટાપગે આ યાત્રા શરૂ કરી હતી. એક માસથી તેઓ સતત આ ઉલ્ટાપગે ચાલી તેઓ દ્વારકાધીશ મંદિરે પહોંચી ગઈકાલે ધ્વજા ચડાવી અને ત્યારબાદ તેઓ ત્યાંથી સોમનાથ પહોંચશે અને યાત્રા પૂર્ણ કરશે. આ સમગ્ર યાત્રા કુલ ૮૫૦ કિમિની યાત્રા થશે, ગુજરાતમાં આટલી લાંબી ઉલ્ટાપગે યાત્રા ચાલીને પૂર્ણ કરશે. વાલાભાઈ ગઢવીએદેશના રક્ષણ માટે તેઓ દ્વારકાધીશના આદેશથી ઉલ્ટાપગે દેશના રક્ષણ કાજે તેઓ આ યાત્રામાં નીકળ્યા હોવાનુંતેઓએ જણાવ્યું હતું તેઓ પોતાના ગામથી નરસીપૂરથી નીકળ્યા બાદ ગામે ગામથી સેવકો તેમની સેવામા મદદરૂપ થઈ રહ્યા છે. સતત ઉલ્ટાપગે ચાલ્યા બાદ રાત્રીના થોડો વિસામો ખાધા બાદ ફરી તેઓ આ યાત્રા ચાલુ રાખે છે. ગઈકાલે તેઓ દ્વારકાધીશ મંદિરે પહોંચ્યા તેમની સાથે રાજકોટ અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારમાંથી સેવકો તેમની સેવામાં અવિરત સાથ આપી રહ્યા છે તો અન્ય એક વૃદ્ધ પણ તેઓની સાથે પદયાત્રામાં જોડાયા છે. આ પદયાત્રા ઉલ્ટાપગે ચાલીને દ્વારકા બાદ સોમનાથ પહોંચીને પૂર્ણ થશે ત્યારે દેશના રક્ષણ કાજે દેશના આવા વૃદ્ધ ચાલીને પદયાત્રા કરી રહ્યા છે જે એક ગૌરવની બાબત છે.

જૂનાગઢમાં પૂ. ભારતી બાપુની પૂણ્યતિથિની સાધુ-સંતોની ઉપસ્થિતિમાં ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૧

ભારતી આશ્રમનાં બ્રહ્મલીન સંત મહામંડલેશ્વર પૂ. વિશ્વંભરભારતીજી મહારાજની દ્વિતીય પૂણ્યતિથિની ભવનાથ ભારતી આશ્રમ ખાતે ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે પૂ. ભારતી બાપુની સમાધીનું શાસ્ત્રોકતવિધિ સાથે હરીહરાનંદભારતી બાપુએ પૂજન કર્યુહતું. ત્યારે અખંડાનંદભારતી બાપુ, પૂ. મુકતાનંદ બાપુ, મહાદેવભારતી બાપુ, હરીગીરી મહારાજ, જૂનાગઢનાં ડે. મેયર ગિરીશભાઈ કોટેચા, મનોજભાઈ જોબનપુત્રા, પાશ્વગાયક દિપક જોષી સહિતનાએ પૂ. ભારતી બાપુની સમાધીએ પુષ્પાંજલી અર્પણ કરી ભાવવંદના કરી હતી અને બપોરે સાધુ-સંતોનો ભંડારો મહાપ્રસાદ અને રાત્રે સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાયા હતાં.

ખોડલધામની સેવા સુવાસ ચોમેર પ્રસરાવવા શ્રી નરેશભાઈ પટેલનો ત્રિ દિવસીય પ્રવાસ

સ્ટેચ્યૂ ઓફ યુનિટી પાસે સંકુલ માટે જમીન ખરીદાઈ, સુરતમાં પણ ભવ્ય ખોડલધામ સંકુલ બનાવવાનો ધ્યેય

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતના અલગ અલગ ઝોનમાં શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજને ઉપયોગી સંકુલના નિર્માણને લઈને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળ સતત પ્રયત્નશીલ છે ત્યારે તારીખ ૧૬ થી ૧૮ માર્ચ એમ ત્રણ દિવસ નરેશભાઈ પટેલે પાટણ, અમદાવાદ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી (કેવડિયા કોલોની) અને સુરતની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન ભૂમિ અધિગ્રહણ સમારોહ અને અગ્રણીઓ સાથે બેઠક સહિતના કાર્યક્રમો યોજીને ખોડલધામના આગામી પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થાય તે માટેનું માર્ગદર્શન આપી પ્રોજેક્ટ અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. નરેશભાઈ પટેલના ત્રણ દિવસીય પ્રવાસની વિગતે વાત કરીએ તો, ૧૬ માર્ચના રોજ પાટણ જિલ્લાના સંડેર ગામે આવેલા સુપ્રસિદ્ધ સંડેરી માતાજીના મંદિરે દર્શન કરીને નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળે પ્રવાસની શરૂઆત કરી હતી. ત્યારબાદ નરેશભાઈ પટેલે સંડેર ગામે નિર્માણ પામનારખોડલધામ સંકુલ માટે જમીનની સાઈટ વિઝિટ કરી હતી. સાઈટ વિઝિટ બાદ પાટણના ખોડાભા હોલ ખાતે ભૂમિ અધિગ્રહણ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ખોડલધામ સંકુલના નિર્માણ માટે નજીવા દરે જમીન આપનાર ખેડૂત પરિવારોને અને નવા જોડાયેલા ચાર ટ્રસ્ટીઓને નરેશભાઈ પટેલે ખેસ પહેરાવીને મા ખોડલની છબી આપીને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સંડેર ગામમાં નિર્માણ પામનાર ખોડલધામ સંકુલમાં સર્વ સમાજ માટે શિક્ષણ, આરોગ્ય અને સામાજિક પ્રવૃત્તિઓ માટેની સુવિધા ઉભી કરવામાં આવશે. આ ભૂમિ અધિગ્રહણ સમારોહમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, ટ્રસ્ટીઓ, કન્વીનરો, ભાઈઓ-બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢમાં ૧૪,૬૪,૮૪૦ની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં પ્લાસ્ટીકનો કાચો માલ તેમજ જીઈબીમાં પૈસા ભરવાનાં લઈ જઈ અને ફરિયાદીને ફરી નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાનો એક બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ જીઈઆડીસી-૨, શ્રધ્ધા વે-બ્રીજ આગળની ગલીમાં માકડા પોલીમર્સ સી બીટ વિસ્તારમાં બનવા પામેલ છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અલ અકબર એપાર્ટમેન્ટ, બ્લોક નં-૧૦૨માં રહેતા અયાઝભાઈ હબીબભાઈ ઓડેદરા (ઉ.વ. ૩૨) એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, મકુસુદભાઈ હાજીભાઈ માકડા, ફેજભાઈ મકુસુદભાઈ માકડા રહે.બંને કુરકાન ફલેટ મેઈન પોસ્ટ ઓફીસ સામે હિરાપન્ના પાછળ ધોરાજી વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, તા.૨૧-૫-૨૦૨૨થી તા.૯-૬-૨૦૨૨ દરમ્યાન આ કામનાં આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ પ્લાસ્ટીકનો કાચો માલ કુલ રૂા.૧૪,૬૪,૮૪૦નો લઈ તથા જીઈબીમાં રૂા.૪,૦૦,૦૦૦ ભરવાનાં લઈ ગયેલ એમ ફરિયાદીને કુલ રૂા.૧૮,૬૪,૮૪૦ નહી આપી એકબીજાને મદદગારી કરી ફરિયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એસ.એ.ગઢવી ચલાવી રહ્યા છે.

જૂનાગઢ મહાનગર ભાજપ લઘુમતી મોરચાની કારોબારીની બેઠક મળી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશલઘુમતી મોરચાના પ્રમુખ મોહસીનભઈ લોખંડવાલા, પ્રદેશ લઘુમતી મોરચાના મહામંત્રી અને ઝોન પ્રભારી નાહીનભાઈ કાઝી, જૂનાગઢ મહાનગર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, મહાનગરભાજપ મહામંત્રીઅને લઘુમતી મોરચાના પ્રભારી સંજયભાઈ મણવરની સુચનાથી અને પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી હુસેનભાઈ દલની ઉપસ્થિતિમાં જૂનાગઢ મહાનગર ભાજપ લઘુમતી મોરચાની કારોબારી મહાનગર લઘુમતી મોરચાના પ્રમુખ શબ્બીરભાઈ અમરેલીયાના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ ખાતે ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષમાં મહાનગર લઘુમતી મોરચાના મંત્રી અને એન્જિનિયર ઈસ્માઈલભાઈ દલની ઓફિસમાં તા.૧૯-૩-૨૦૨૩નાં સવારે ૧૧ કલાકે મળી હતી. જેમાં પ્રદેશ મંત્રી હુસેનભાઈ દલ, પ્રદેશ કારોબારી સભ્ય વહાબભાઈ કુરેશી, મહાનગર પ્રમુખ શબ્બીરભાઈ અમરેલીયા, મહાનગર મહામંત્રી સલીમભાઈ હાલા, ઉપ પ્રમુખો ઈસ્માઈલભાઈ દલ, અયુબખાન કલ્યાણી, નવાઝભાઈ શેખ, મહાનગર મંત્રી હનીફખાન પઠાણ, ફિરોજભાઈ ઠેબા, આઈ.ટી. સેલ કન્વીનર મહેમુદભાઈ બેલીમ, કારોબારી સભ્યો સાજીદખાન પઠાણ, આમંદભાઈ ગંભીર, યાસીનભાઈ હાલા, બાબીભાઈ, આમંદભાઈ શમા, વોર્ડ પ્રમુખો ફૈઝલબાપુ કાદરી, હૈદરભાઈ કુરેશી, વોર્ડ મહામંત્રીઓ જાબીરભાઈ કુરેશી, કામીલભાઈ સર્વદી, અયુબ બાપુ, ફારૂકભાઈ કોતલ વિગેરે હાજર રહ્યા હતા.

આ કારોબારીમાં પ્રદેશ કારોબારીમાં પસાર થયેલા ઠરાવોનું વાંચન કરી આ ઠરાવોને સર્વાનુમતે અનુમોદન આપવામાં આવ્યું હતું. જેમાં રાજકીય ઠરાવ, ધન્યવાદ ઠરાવ, સરકારી યોજનાઓ અંગે અભિનંદન ઠરાવ, વિધાનસભાની ચુંટણીમાં જવલંત વિજય માટે અભિનંદન ઠરાવ, હજ નિતિ-૨૦૨૩ માટે આભાર ઠરાવ વિગેરે ઠરાવોનું વાંચન કરી અનુમોદન આપવામાં આવ્યું હતું. લઘુમતી મોરચાને પક્ષ તરફથી સોંપવામાં આવેલ કાર્યક્રમો અંગે અને લઘુમતી મોરચાના પોતાના વિશેષ કાર્યક્રમો અંગે તેમજ પક્ષના આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી. પક્ષની નિધિ (ડોનેશન) અંગે અને કાર્યકરોની વિગતની ડેટા એન્ટ્રી અંગે તેમજ સરલ એપ ડાઉન લોડ કરવા અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. છેલ્લે કાર્યકરોના પ્રશ્નો અને તેના નિરાકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમાપન સંબોધનમાં પ્રદેશ મંત્રી હુસેનભાઈ દલ એ બધાનો આભાર માની મીટીંગ પુર્ણ થયેલી જાહેર કરી હતી તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

આહિર અગ્રણી ભીખુભાઈ અરજણભાઈ ભાટુની બીજી પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના મરમઠ ગામે જાણીતા સેવાભાવી ભીખુભાઈ અરજણભાઈ ભાટુ ઉર્ફે ભીખુ રાણાની બીજી પુણ્યતિથિ નિમિત્તે આગામી રવિવાર તારીખ બીજી એપ્રિલના રોજ રકતદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાકીય પ્રવૃત્તિ માટે મરમઠ ગામે આવેલા વાછરા દાદાના મંદિરે સવારે સાત વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ રક્તદાન કેમ્પમાં સેવાની જ્યોત જલાવવા ભીખુભાઈ ભાટુ ગ્રુપ તથા સમસ્ત મરમઠ ગામ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

માણાવદરના મરમઠ ગામે બીજી એપ્રિલે મેગા રક્તદાન કેમ્પ

ખંભાળિયામાં ચકલીદિન નિમિત્તે માળા તથા કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

તા. ૨૦ માર્ચના વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ખંભાળિયાની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ અને વેદાંતા લિમિટેડ દ્વારા ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ખંભાળિયામાં સોમવારે વર્લ્ડ સ્પેરો ડે (વિશ્વ ચકલી દિવસ) નિમિત્તે અહીંના જોધપુર ગેઈટ ચોક સહિતના જુદા જુદા વિસ્તારોમાં ચકલીના માળા તથા પક્ષીઓને પીવાના માટીના કુંડાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અહીંના જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીની ખાસ ઉપસ્થિતિમાં ચકલી ઘરનું વિતરણ કરાયું હતું.

ઉના પંથકના ખેડૂતોને કમોસમી વરસાદથી થયેલ પાક નુકશાનીનો સર્વે હાથ ધરાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૧

ઉના તથા ગીરગઢડા તાલુકામાં થયેલ કમોસમી વરસાદથી ખેતરોમાં ઉભા પાકને ગંભીર નુકશાની પહોંચી છે. આ બાબતની ગંભીરતા પૂર્વક નોંધ લઈને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે મુખ્યમંત્રીને રૂબરૂ મળી લેખિત રજુઆત કરી ઉના-ગીરગઢડા તાલુકામાં ખેડુતોને પાક નુકશાનીનું ઝડપથી સર્વે કરાવી વધુમાં વધુ વળતર આપવાની વિનંતી કરેલ હતી. જેના ભાગરૂપે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ પણ તાત્કાલિક આદેશ કરી સર્વેની કામગીરી શરૂ કરવા કલેટરે જણાવેલ હતું જે અન્વયે હાલ બાગાયત અધિકારી બરખાબેન બારડ (મો. ૭૩૯૬૫ ૩૦૭૪૫) તથા તેના કર્મચારીઓની એક ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક સર્વે માટે નીકળેલ છે. તો તમામ ખેડુતો તથા સરપંચો બાગાયત અધિકારીનો સંપર્ક કરે અને જરૂર જણાય તો ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અથવા કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

સંત શિરોમણી શ્રી વેલનાથ બાપુની શોભાયાત્રા અંગે બેઠક યોજાઈ

જૂનાગઢ તા. ૨૧

આગામી ચૈત્ર સુદ પૂનમ તા.૬-૪-૨૩ ના રોજ જૂનાગઢ ઈવનગર ખાતેથી સંત શિરોમણી શ્રી વેલનાથ બાપુની પારંપરિક શોભાયાત્રાના આયોજનના ભાગરૂપે ન્યુબેસ્ટ ઈંગ્લીશસ્કુલ જોષીપુરા ખાતે એક અગત્યની બેઠક મળી હતી જેમાં જૂનાગઢ શહેર તથા તાલુકાના સમસ્ત કોળી સમાજના આગેવાન બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, મનદીપભાઈ મકવાણા, જેઠાભાઈ જોરા, જીતેન્દ્ર રાનેરા, પંકજ ભરડા, સમજુભાઈ સોલંકી, રવજીભાઈ ધોળકીયા સહિતના આગેવાનોએ હાજરી આપી હતી અને શોભાયાત્રાના આયોજન અંગે ચર્ચા કરી

ઉપલેટા તાલુકાના ૫૧ ગામમાં ૨૩૭૯ લાભાર્થીઓને ઈ-શ્રમ કાર્ડનો લાભ અપાયો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૧

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના તમામ ૫૧ ગામમાં ઈ-શ્રમ કાર્ડ માટે કેમ્પ યોજી આશરે ૨૩૭૯ જેટલા લાભાર્થીઓને ઈ-શ્રમ કાર્ડનો લાભ પહોંચાડવામાં આવ્યો છે. જિલ્લ વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓના ગામોમાં ઝુંબેશ હાથ ધરી તલાટી કમ મંત્રીઓ, તાલુકા પંચાયત, આઈ.સી.ડી.એસ., હેલ્થ સ્ટાફ વગેરે દ્વારા લોકોને ઈ-શ્રમ કાર્ડની સમજણ આપી યોજનાના લાભ વિષે જાગૃત કરવામાં આવી રહ્યા છે. હાલ શનિ-રવિની રજાઓમાં પણ તમામ કચેરીઓએ રોજિંદી કામગીરી ઉપરાંત રાત્રિ કેમ્પ કરી ઈ-શ્રમ કાર્ડ નોંધણીની કામગીરી ચાલુ રાખી મહત્તમ શ્રમિકોને લાભ આપવા માટેનો પ્રયાસ કરાઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા તમામ કામદારો/શ્રમિકો અને તેમના પરિવારોજનોને રૂ.૨,૦૦,૦૦૦(બે) લાખ સુધીનું વીમા કવચ મળી શકે તે માટે ઈ-શ્રમ કાર્ડનો લાભ આપવામાં આવી રહ્યો છે, તેમ તાલુકા વિકાસ અધિકારી ઉપલેટાએ જણાવ્યું હતું.

વેરાવળની ભીડિયા કન્યાશાળામાં માસિક ધર્મની સમસ્યા નિવારણ અંગે સેમીનાર યોજાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૨૧

વેરાવળ-પાટણ સંયુકત નગર પાલિકાના વોર્ડ નં. ૪ ભીડિયામાં આવેલ સરકારી કન્યાશાળામાં છોકરીઓ માટે માસિક ધર્મની સમસ્યા તેમજ માન્યતાઓ વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. આ બિરલા હોસ્પિટલનાં ખ્યાતનામ ગાયનેક સર્જન ડો. ફોરમ પારેખ (એમ. ડી.) દ્વારા બહેનોની માસિક ધર્મની સમસ્યા તેમજ માન્યતાઓ અંગે સચોટ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે જ માસિક ધર્મની સમસ્યાના નિવારણ માટેના ઉપાય અંગે વિસ્તૃત જાણકારી આપવાની સાથે માસિક ધર્મ સાથે જોડાયેલ ઘણી ગેરમાન્યતાઓ અને અંધશ્રધ્ધા દૂર કરવા માટેના ઉપયોગી સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન વોર્ડ નં. ૪ ના નગરસેવીકા ચંદ્રિકાબેન સિકોતરીયા, અર્બન હેલ્થ સેન્ટરના ડો.પિનલએ કરેલ હતું જેમાં શાળાની અંદાજીત ૩૦૦ છોકરીઓ સહભાગી થઈ હતી.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

ઈ-ટેન્ડર નોટીસ નં. CA11-ADVT-VIN-2023-4 Date: 15.03.2023

વિનાઈલ રેપીંગ (બાહ્ય) માટે ટ્રેન સૂચિ

ખ.નું. નં.	ટ્રેન નામ	ટ્રેન નંબર	રેકની સંખ્યા
01	પોરબંદર-સોમનાથ-પોરબંદર એક્સપ્રેસ	19207/19208	01
02	ભાવનગર ટર્મિનસ-સાબરમતી એક્સપ્રેસ	20906/20905	01
03	દાદર-પોરબંદર (સૌરાષ્ટ્ર એક્સપ્રેસ)	19015/19016	03
04	ભાવનગર ટર્મિનસ-આસનસોલ એક્સપ્રેસ	12941/12942	01
05	ભાવનગર ટર્મિનસ-ઉધમપુર એક્સપ્રેસ	19107/19108	01
06	ભાવનગર ટર્મિનસ-સીકુરેબાદ એક્સપ્રેસ	19260/19259	01
07	પોરબંદર-ગાંધીધામ એક્સપ્રેસ પોરબંદર-વિરમગામ એક્સપ્રેસ પોરબંદર-કિલોની સમા સીકુરેબાદ એક્સપ્રેસ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ	12905/12906 19201/19202 20937/20938 19269/19270	05
08	પોરબંદર-સીકુરેબાદ એક્સપ્રેસ	20910/20909	01
09	પોરબંદર-સંતરાગાછી એક્સપ્રેસ	12949/12950	01
10	ભાવનગર ટર્મિનસ-સુરેન્દ્રનગર ભાવનગર ટર્મિનસ-લુણીધર ભાવનગર ટર્મિનસ-પાલીતાણા ભાવનગર ટર્મિનસ-બોટાદ ભાવનગર ટર્મિનસ-મહુવા	(09528/09533/09534/09527) 09528/09533/ 09534/09527 09566/09565, 09510/09509 09504/09571/09562/09561 19205/19206	04
11	કોચુવેલી-હોકા ભાવનગર ટર્મિનસ-સુરેન્દ્રનગર ભાવનગર ટર્મિનસ-ઓખા ભાવનગર ટર્મિનસ-પાલીતાણા	(09583/09584 -09572/09573, 19209/19210 & 09512/09511	04
12	પોરબંદર-ભાવનગર-પોરબંદર ઘાટાલુઝ-પોરબંદર-ભાવનગર-પોરબંદર	(09550/09549, 09516/19515, 09552/09553)	01
13	ભાવનગર ટર્મિનસ-ગાંધીધામ ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ-ગાંધીધામ ટર્મિનસ-વેરાવળ-ગાંધીધામ ટર્મિનસ	12972/12971 19217/19218	04
14	વેરાવળ-અમદાવાદ સીટીબસ	09291/09509	02
15	વેરાવળ-દેલવાડા પેસેન્જર	09255/09531 09532/09256	04
16	વેરાવળ-અમદાવાદ પેસેન્જર	09262/09505 09540/09539	03

સમયગાળો અનું નં. 1 થી 13 માટે 05 વર્ષ, અનું નં. 14 થી 16 માટે 03 વર્ષ. ઓફલાઈન ટેન્ડર ની તારીખ અને સમય: તા. 04.04.2023 ના 11.00 કલાકે. ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in દ્વારા. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 04.04.2023 ના 14.00 કલાકે. 149

અમને અહીં પર: facebook.com/WesternRly • અમારો ટ્વીટર પર: twitter.com/WesternRly

:: સુચના/જાહેર નોટીસ ::

આ સમાચાર પત્રનાં માધ્યમથી મુકેશભાઈ ચૌટાની S/o. ગોબરભાઈ ચૌટાની, ગામ ગુંદાળા, મેંદરડા, જૂનાગઢવાળાને માનનીય ન્યાયાલય જયુડીશ્યલ મેજી. (ફર્સ્ટ કલાસ) દેહરાદુન દ્વારા જારી થયેલા ઉદઘોષણા આદેશ મુ.અ.સ. - ૨૨/૨૧ આઈપીસી ધારા ૪૨૦, ૧૨૦ બી, અને ૬૬ ડી આઈટી એકટમાં અભિયુકત મુકેશભાઈ ચૌટાણીને તા. ૮-૪-૨૦૨૩ સુધીમાં ન્યાયાલય જયુડીશ્યલ મેજી. (ફર્સ્ટ કલાસ) દેહરાદુન ઉત્તરાખંડ સમક્ષ ઉપસ્થિત થવા માટે જાણ કરવામાં આવે છે. નિયત તારીખ અને સમય અનુસાર જો ઉપસ્થિત રહેવામાં નહી આવે તો તમારા વિરૂધ્ધ આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

લી. વિવેચક/નિરીક્ષક

(મહેશ્વર પ્રસાદ પૂર્વાલ)

ફાયનાનસ્યલ ફ્રોડ યુનિટ/ એસ.ટી.એફ.

દહેરાદુન ઉત્તરાખંડ

CHANGE OF NAME

I MOHAMMED IMRAN LUKMANBHAI ANSARI I HAVE CHANGE MY OLD NAME FROM MOHAMAD IMRAN LUKMANBHAI ANSARI TO MY NEW NAME MOHAMMED IMARAN LUKMANBHAI ANSARI. PLESE NOTE THAT NOW ON WARD I WILL BE KNOWN AS PER MY NEW NAME.

: ADDRESS :

KHWAZA NAGAR SOCIETY, KHAMDHROL ROAD, NR. SUBHAS ACCADAMY JUNAGADH (GUJARAT)

MO. 90162 75598

આવતીકાલથી ચૈત્રી નવરાત્રીનો ભકિતભાવ પૂર્વક પ્રારંભ

વહેલી સવારથી જ માતાજીનાં મંદિરોમાં પૂજન-અર્ચન, આરતી સહિતનાં અનેકવિધ કાર્યક્રમો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં વહેલી સવારથી જ પૂજન અર્ચન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવશે. અને ભાવિક ભકતો દર્શનાર્થે મંદિરોમાં ઉમટી પડશે.

શકિતની આરાધનાનાં પર્વ અને જગત જનની માતા અંબાજી માતાજી સહિતનાં માતાજીનાં પૂજન અર્ચન, આરતી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે માતાજીની આરાધનાનાં પર્વ એવા ચૈત્રી નવરાત્રીનો આવતીકાલથી શુભારંભ થઈ રહયો છે. ત્યારે માતાજીનાં ભકતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. આપણે ત્યાં વર્ષમાં ચાર નવરાત્રીનું ખુબ જ મહત્વ છે. મહા માસ, ચૈત્ર માસ, અષાઢ માસ અને આસો માસની નવરાત્રીનું ખુબ જ મહત્વ હોય જેને લઈને માતાજીનાં ભકતોમાં અનેરો ઉત્સાહ છલકાતો હોય છે. જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં નવરાત્રી દરમ્યાન વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જૂનાગઢ શહેરમાં કૃષિ યુનિ. ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરે ચૈત્રી નવરાત્રીનાં પાવન પ્રસંગે સવારથી જ પૂજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવશે. અને ભાવિકો દર્શનનો લાભ લેશે. જયારે ગરવા ગિરનાર ખાતે બિરાજતા જગત જનની માં અંબાજી માતાજીનાં મંદિરે પણ સવારથી જ આવતીકાલે પૂજન સહિતનાં વિશેષ

કાર્યક્રમો યોજવામાં આવનાર છે અને ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડશે. આ ઉપરાંત ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનાં મંદિર, ગાયત્રી માતાજી મંદિર, ચામુંડા માતાજી મંદિર, રાંદલ માતાજીનાં મંદિર, મહાકાળી માતાજી મંદિર, મેલડી માતાજીનાં મંદિર, ઉપરકોટ ખાતે આવેલા રાંનવઘણનાં કુળદેવી આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર તેમજ ખામધ્રોળ વિસ્તારમાં આવેલ આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર ઉપરાંત દાણાપીઠ વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મીજી માતાજીનાં મંદિર સહિતનાં શહેર અને જીલ્લામાં આવેલા આઈશ્રી ખોડીયાર માતાજી તેમજ રાંદલ માતાજીનાં મંદિરોમાં ચૈત્રી નવરાત્રીની ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. અને આ નવરાત્રી દરમ્યાન પૂજન, અર્ચન, આરતી, હવન, યજ્ઞ સહિતનાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત વડાલ ખાતે આવેલા આશાપુરા ધામ ખાતે પણ ચૈત્રી નવરાત્રીની ભાવભેર ઉજવણી કરવામાં આવશે. જયારે વિવિધ ધાર્મિક જગ્યાઓમાં પણ ચૈત્રી નવરાત્રી નિમિત્તે અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવનાર છે. અને ચૈત્રી નવરાત્રી દરમ્યાન માતાજીનાં ભકતો દ્વારા પૂજન-અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમોમાં જોડાય અને દર્શનનો લાભ લેશે.

રામજી કી નીકલી સવારી રામજી કી લીલા હૈ ન્યારી...

જૂનાગઢ શહેરમાં ૩૦ મી માર્ચે રામનવમીની શોભાયાત્રા નિકળશે : તડામાર તૈયારી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામચંદ્રના પ્રાગટય દિન-રામનવમીની જૂનાગઢમાં ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીને લઈને તડામાર તૈયારી ચાલી રહી છે. આ અંગે પ્રતિવર્ષ રામનવમીની ઉજવણીનું આયોજન કરનાર શ્રી હરિઓમ ચેરીટેબલ ટ્રસ્ટના અવિનાશ ભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સનાતન હિન્દુ ધર્મના ઈષ્ટદેવ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામચંદ્રજીનો ચૈત્ર સુદ નોમના દિવસે પ્રાટગ્ય દિવસ હોય રામનવમીની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. ખાસ કરીને ૩૦ માર્ચ ગુરૂવારના બપોરના ૩:૩૦ વાગ્યેથી ભગવાન રામચંદ્રજીની પાલખી યાત્રા યોજાશે. શહેરના ઉપરકોટ સ્થિત રામજી મંદિર ખાતેથી પાલખી યાત્રાનો પ્રારંભ થશે.

શહેરના વિવિધ માર્ગો પર પાલખી યાત્રા ફરશે જેમાં વિવિધ ફલોટ્સ પણ જોડાશે. પાલખી યાત્રાનું શહેરમાં વિવિધ સ્થળે વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાગત-સન્માન કરાશે. જ્યારે રાત્રિના ૮:૩૦ વાગ્યે પાલખી યાત્રા સ્વામિનારાયણ ચોક જવાહર રોડ ખાતે સંપન્ન થશે. બાદમાં રાત્રિના ૯:૩૦ વાગ્યે ગિરનાર રોડ સ્થિત મયારામદાસજી આશ્રમ ખાતે ધર્મસભા યોજાશે. આ ધર્મસભાને અનેક સંતો, મહંતો, ધર્માચાર્યો સંબોધિત કરશે. બાદમાં પાલખી યાત્રામાં જોડાયેલા વિવિધ ફલોટસમાંથી આકર્ષિત ફલોટ્સને વિજેતા જાહેર કરવામાં આવશે અને તેમને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસક્લુસીવ ઓફર LED TV રૂા. 6500* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેકટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવલ્ર્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, રાન્ડર રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

હરસ-ભગંદર-ફીશર

• સારવાર •

• ક્ષારસુત્ર થેરાપી • લેસર થેરાપી •

• રબ્બર બેંડ થેરાપી • ઈન્જેકશન થેરાપી •

• ફાયદા •

• મળત્યાગ પરનો કંટોલ ગુમાવવો કે મળમાર્ગ સંકોચવાની શકયતા રહેતી નથી, બીજીવાર થવાની શકયતા રહેતી નથી

હોસ્પિટલમાં લાંબો સમય રોકાણ તથા સંપૂર્ણ આરામની જરૂર રહેતી નથી.

બસ સ્ટેન્ડ પાસે, હિરા-પન્ના કોમ્પ્લેક્ષ, (લીફટની સુવીધા છે) પાંચમા માળે, જુનાગઢ. મો. ૮૦૦૦૮ ૦૮૧૦૮ ફોન : ૦૨૮૫-૨૬૩૪૫૯૨

ડો. દિવ્યેશ આર. સાકરીયા B.A.M.S., K.A.R.D. (Mumbai) બ્નાસરન્ટ પ્રોક્ટોલોજીસ્ટ હરસ, ફિશર, ભગંદર અને મળમાર્ગના રોગોના નિષ્ણાંત

લીલાવંતી એનો-રેકટલ હોસ્પીટલ

સમય : સવારે ૯-૦૦ થી ૧-૦૦ • સાંજે ૫-૦૦ થી ૮-૦૦

ફળોની રાણી કેસર કેરીની જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં આવક શરૂ

૧ એપ્રિલ પછી દરરોજનાં ૨ હજારથી પણ વધારે કેરીનાં બોક્ષની આવક થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જેનો મીઠો મધુરો સ્વાદ લોકોનાં મુખમાં કાયમને માટે સ્મૃતિની માફક જળવાઈ રહ્યો છે અને ફળોમાં સૌથી વધારે જેની માંગ છે તે ફળોમાં સર્વ શ્રેષ્ઠ કેસર કેરી હવે નજીકનાં સમયમાં જ લોકોને મળી શકે તેમ છે. આ વર્ષે અચાનક કમોસમી વરસાદ અને માવઠુ થવાનાં પગલે કેસર કેરી સહિતનાં ઉત્પાદનોને ભારે અસર પહોંચી છે તેમ છતાં ફળોની રાણી, સ્વાદ, સુગંધ અને તેનાં કેસરી કલરનાં કારણે કેસર કેરી તરીકે પ્રખ્યાત તાલાલાની પ્રખ્યાત કેસર કેરીની જૂનાગઢનાં માર્કેટીંગ યાર્ડમાં આવક વધતા વેપારીઓ દ્વારા હરરાજી શરૂ કરવામાં આવી છે. હજુ પણ આગામી દિવસોમાં જથ્થાબંધ આવક થશે. આવક વધતા ભાવમાં પણ ઘટાડો થવાની શકયતા જોવાઈ રહી છે. આ અંગે માર્કેટીંગ યાર્ડનાં ફુટનાં વેપારી અગ્રણી અદ્રેમાનભાઈ પંજાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૫ થી ૬ દિવસથી યાર્ડમાં કેસર કેરીની આવક શરૂ થઈ ગઈ હતી. જોકે આ આવક સાવ લીમીટેડ બોક્ષ એટલે કે ૧૦, ૧૫ કે ૨૦ બોક્ષની હતી. દરમ્યાન સોમવારે ખુલતી બજારે તાલાલાની પ્રખ્યાત કેસર કેરીનાં ૩૫૦ થી ૪૦૦ બોક્ષની આવક થઈ હતી જેનાં કારણે માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની હરરાજી શરૂ કરવામાં આવી છે. વર્ષભર જેની ભારે આતુરતાથી ફળરસિયા રાહ જોતા હોય છે તે કેસર કેરીની આવક વધતા વેપારીઓએ કેસર કેરીની હરરાજીનાં શ્રી ગણેશ કર્યા છે. કેસર કેરીમાં ૩ પ્રકારની આવક મુજબ ભાવ નક્કી થયા હતા. ૧ નંબર કેરી માટે ૧૦ કિલોનાં બોક્ષનો ભાવ ૧,૬૦૦ થી લઈને ૨,૦૦૦ સુધીનો બોલાયો હતો. જયારે ૨ અને ૩ નંબરની કેરીનો ભાવ ૧૧૦૦ થી ૧૬૦૦થી સુધીનો બોલાયો હતો. હજુ પણ આવક ભાવમાં પણ ઘટાડો થશે. પરિણામે સામાન્ય લોકો પણ આસાનીથી કેસર કેરી ખાઈ શકશે. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં હાલ તાલાલાની પ્રખ્યાત કેસર કેરીનાં ૩૫૦ થી ૪૦૦ બોક્ષની આવક શરૂ થ છે. હજુ ૧ એપ્રિલ પછી દરરોજનાં અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ બોક્ષની આવક થશે. આમ, કેરીની ભરપુર આવક થવાની છે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

॥ જય દ્વારકાધીશ ॥ (૧૬)

ગજાનન ઈલેકટ્રોનીકસ એન્ડ મોબાઈલ એસેસરીઝ

ટીવી, ઘરઘંટી, હોમથીએટર, વોશીંગ મશીન ફ્રીઝ અને મોબાઈલ એસેસરીઝ મળશે.

એકવાર રૂબરૂ મુલાકાત અવશ્ય લેવી

લકકી ડ્રો યોજનાનો ટુંક સમયમાં પ્રારંભ થશે...

જુના નાગરવાડા, અનંત ધર્મલયના ગેઈટની સામે, જૂનાગઢ. મો. ૮૪૯૦૮ ૧૦૧૧૧, ૭૪૩૩૮ ૮૦૯૯૯

બેસણું

સ્વ. કેપ્ટન સતીશકુમાર વિરડા

સ્વ. તા.૧૯-૦૩-૨૦૨૩ ફાગણ વદ-૧૨ને રવિવાર

અચાનક લીધી વિદાયે મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી ઉદય એનો અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યું એવા હોય છે કદી વિસરાતા નથી...

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના

સદ્ગતનું બેસણું

તા. ૨૩-૦૩-૨૩ ગુરૂવારના રોજ, જાગનાથ મંદિર, તળાવ દરવાજા રોડ, જલારામ સોસાયટી, જૂનાગઢ ખાતે સાંજના ૪થી ૬ રાખેલ છે

ગંગા સ્વરૂપ પ્રજ્ઞાબેન વિરડા

પાર્થ વિરડા ક્રિષ્નાબેન પાર્થ વિરડા | મુકેશભાઈ કામદાર

હેરી વિરડા નીલમબેન હેરી વિરડા | રીટાબેન મુકેશભાઈ કામદાર

વિરડા પરિવારના જયશ્રી કૃષ્ણ